ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NO. 15069/1968

VOL. : 58 / ISSUE-03 / SEPTEMBER 2025



SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

## ACTIVITIES OF SGCCI

Signature BUSINESS CLUB

SGCCI GLOBAL CONNECT

SGCCI BUSINESS CONNECT support & promote... SBC

SESDC SGCCI EDUCATION HUB

GFRRC GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE (An Initiative of SGCCI)

SGCCI

GOLDEN JUBILEE AWARDS

NGT CENTRE SURAT

SGPC

SCCT

समृद्धि

SGCCI infozine e-newsletter - Monthly



નિખિલ મદ્રાસી

# પ્રમુખ સ્થાનેથી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું મહત્વપૂર્ણ એકઝીબીશન 'યાર્ન એક્ષ્પો ૨૦૨૫' સફળતાપૂર્વક યોજાયું. આ એકઝીબીશનને ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો. દેશભરમાંથી જેન્યુન બાયર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી, જેથી એકઝીબીટર્સને ઢગલાબંધ ઓર્ડર્સ મળ્યા.

વૈશ્વિક વ્યાપાર અને સાંસ્કૃતિક સહયોગ વધારવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના ઉપ રાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગા તેમના ધર્મપત્ની તથા ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે બે દિવસ માટે સુરતની મુલાકાતે પધાર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ સાથે સીધો સંવાદ સાધી તેમણે માઈનિંગ, ટેક્ષ્ટાઈલ, એગ્રીકલ્ચર, રિન્યુએબલ એનર્જી, ફાર્માસ્યુટિકલ અને ટુરિઝમ જેવા ક્ષેત્રોમાં રોકાણની વિશાળ તકો દર્શાવી. ઝિમ્બાબ્વેના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ઝિમ્બાબ્વેની સાથે બિઝનેસ કરવા અનુરોધ કર્યો હતો.

દક્ષિણ ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સના ઉદ્યોગ સાહસિકો સમક્ષ ઝિમ્બાબ્વેના ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે રોકાણ કરવાની અને ઝિમ્બાબ્વેના આ ઉદ્યોગના આધુનિકીકરણ માટેની વિશેષ તકો રહેલી છે. સાથે જ માઈનિંગ અને મિનરલ વેલ્યુ એડિશનમાં લિથિયમ, સોનું, પ્લેટિનમ, હીરા સહિત ૬૦થી વધુ ખનિજો, લિથિયમ બેટરી, મિનરલ પ્રોસેસિંગ અને ડાયમંડ કટિંગ-પોલિશિંગમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે, જ્યારે ઊર્જા અને રિન્યુએબલ્સ ક્ષેત્રે સોલાર, હાઈડ્રો અને બાયોમાસ પ્રોજેક્ટમાં રોકાણની વિશાળ તકો રહેલી છે. ઝિમ્બાબ્વેના ઉપ રાષ્ટ્રપતિએ ઝિમ્બાબ્વે MICE ઈન્ફ્રાસ્ટ્રકચર અને ક્રિકેટ સ્ટેડિયમોમાં રોકાણ કરવા માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નવી દિલ્હી ખાતે ઈન્ડોનેશિયા તેમજ ઈથોપિયા જેવા આંતરરાષ્ટ્રીય દેશોના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક યોજી હતી. વિશેષ કરીને, ઈન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર સાથે થયેલી મિટીંગ દ્વારા ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર, એકસપોર્ટ-ઈમ્પોર્ટ માટેની તકો અને ઉદ્યોગ સહયોગની દિશામાં મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા ટેક્ષ્ટાઈલ પોલિસી- ૨૦૨૪ અંતર્ગત ઉદ્યોગોને ઔદ્યોગિક પ્રોત્સાહનો અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ, જે ઔદ્યોગિક વિકાસને વધુ પ્રોત્સાહન આપશે. આ સમયગાળામાં ઈન્કમ ટેક્ષ કોન્કલેવ પણ યોજાયો, જેમાં ગુજરાત રાજ્યના Principal Chief Commissioner of Income Tax શ્રી સતિષ શર્માએ ઉદ્યોગ સાહસિકોને નીતિ અને નિયમોને સમજાવ્યા.

SGCCI દ્વારા 'ટ્રમ્પ ટેરીફ વોર: ડીલ ઓર નો ડીલ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં નિષ્ણાંતોએ સુરતના એક્ષ્પોર્ટરોને વૈકલ્પિક બજારો શોધવાની આવશ્યકતા સમજાવી હતી. સાથે જ યુરોપ, જાપાન, કોરિયા, લેટીન અમેરિકા અને આફ્રિકા સાથે વેપાર વધારવાની દિશામાં માર્ગદર્શન આપ્યું હતું. આ બધી પહેલો અને પ્રવૃત્તિઓના માધ્યમથી, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને નવી દિશા આપવાનો પ્રયાસ કરાઈ રહયો છે.

જય હિન્દ, જય જય ગરવી ગુજરાત.

# ઉપ પ્રમુખ સ્થાનેથી



**અશોક જીરાવાલા**

સુરત શહેર અને ટેક્સટાઈલ ઉદ્યોગ – બંને મારા જીવનના અભિન્ન અંગ છે. આ ઉદ્યોગ મારા માટે માત્ર રોજગારનું સાધન નથી, પરંતુ જીવનનું લક્ષ્ય- ધ્યેય છે. સુરતના વણકરો, કારખાનેદારો અને ઉદ્યોગકારોના પરિશ્રમ અને પ્રતિભાથી આ ઉદ્યોગ આજે ભારતના અર્થતંત્રની મજબૂત કડી બની ગયો છે અને આ સફરમાં મોટી સક્રિય ભૂમિકા મને નિભાવવાનો અવસર મળ્યો છે. એ મારા માટે ગૌરવની વાત છે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મારા માટે પણ સેવાનું સૌથી મોટું પ્લેટફોર્મ છે.

ટેક્સટાઈલ ફેબ્રિક ઉત્પાદક તરીકે શરૂઆતથી જ મારું માનવું રહ્યું છે કે ઉદ્યોગની પ્રગતિ એટલે સમાજની સમૃદ્ધિ. એટલે જ હું હંમેશા પ્રયત્નશીલ રહ્યો છું કે મારું યોગદાન માત્ર મારા ઉદ્યોગ પુરતું સીમિત ન રહે, પરંતુ સમગ્ર ઉદ્યોગ જગત માટે કંઈક નવી દિશા આપે.

મને લાંબા સમય સુધી FOGWA (Federation of Gujarat Weavers Association)ના પ્રમુખ તરીકે સેવા આપવાનો મોકો મળ્યો છે. હવે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો તેમાં ઉમેરો થયો છે. આ અવધિ દરમ્યાન રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે ટેક્સટાઈલ ઉદ્યોગના હિત માટે અનેક રજૂઆતો કરી. ગુજરાતના વણકરોથી લઈને ભારત સરકારના મંત્રાલય સુધી જ્યાં જ્યાં આપણા ઉદ્યોગનો અવાજ પહોંચાડવાની જરૂર હતી, ત્યાં ત્યાં મેં તેને સ્પષ્ટતા અને નિર્ભયતાપૂર્વક રજૂ કરવાનો પ્રયત્ન કર્યો. રાજકારણીઓ અને શાસનતંત્ર સાથે સકારાત્મક સંબંધો જાળવવા એ હંમેશા મારી પ્રાથમિકતા રહી છે. વર્ષોના અનુભવથી મને સમજાયું છે કે નીતિ સ્તરે ફેરફાર ત્યારે જ શક્ય બને છે, જ્યારે ઉદ્યોગની વાત તથ્યપૂર્વક અને સૌહાર્દથી રજૂ કરવામાં આવે. આજે SGCCIમાં ઉપ પ્રમુખ તરીકે કામ કરતા, એ જ અનુભવનો લાભ ચેમ્બર માટે આપવાનો હું સતત પ્રયાસ કરું છું. ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી ઉદ્યોગના પ્રશ્નોનો ઉકેલ મેળવવા માટે અમારી ટીમ સતત સક્રિય છે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ તરીકે અમે વારંવાર રાજ્ય અને કેન્દ્ર સરકારના વિભાગો સુધી પહોંચાડીએ છીએ – ટેક્સટાઈલ નીતિઓ, એક્સપોર્ટ સહાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્યુટી સ્ટ્રક્ચર અને MSMEના પ્રશ્નો અંગે ચોક્કસ રજૂઆતો કરીએ છીએ. મને આનંદ છે કે આપણા સંકલ્પ, સ્પષ્ટતા અને સંવાદના કારણે ઘણી વખત ચેમ્બરને ધારેલા પરિણામો મળ્યા છે.

મારું માનવું છે કે, ઉદ્યોગ જગતનો વિકાસ માત્ર કારખાનાઓની ભીંતોમાં ન માપવો જોઈએ, તે તો શહેર, સમાજ અને રાષ્ટ્રના સમન્વિત વિકાસ સાથે જોડાયેલ છે. એ જ ભાવના સાથે હું ચેમ્બરને એક કાર્યશીલ અને જીવંત સંગઠન તરીકે વધુ મજબૂત બનાવવા માટે કાર્યરત છું.

તાજેતરમાં પ્રમુખ શ્રી નિખિલભાઈ મદ્રાસી અને હું મળીને SGCCIના પ્રતિનિધિ મંડળ સાથે સિંગાપુર ખાતે ITMA ASIA + CITME ટેક્સટાઈલ મશીનરી એક્ઝિબિશનમાં હાજર રહ્યા. ત્યાં અમને અદ્યતન ટેક્નોલોજી, રોબોટિક સિસ્ટમ્સ, નવીન આધુનીક મશીનરી અને વૈશ્વિક ઉદ્યોગના આધુનિક ટ્રેન્ડ્સને નજીકથી જોવાની તક મળી. આ અનુભવો સુરતના ઉદ્યોગકારો સુધી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા ખાસ સત્રોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી આપણા ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં વધુ મજબૂત બનાવી શકાય.

મારો દૃષ્ટિકોણ ખૂબ સ્પષ્ટ છે – વિશ્વના ટેક્સટાઈલ નકશા પર સુરતને સર્વોચ્ચ સ્થાન અપાવવું એ આપણું સૌનું પણ સામૂહિક ધ્યેય છે." આ ધ્યેયને સાકાર કરવા હું મારી ટીમ સાથે મળીને ઉદ્યોગકારોને નવી ટેક્નોલોજી, વૈશ્વિક માર્કેટિંગ, નિકાસ વિકાસ અને MSMEના આધુનિકીકરણ માટે માર્ગદર્શન આપતો રહું છું.

મારા માટે ચેમ્બર માત્ર એક પદ નથી, તે તો સેવા છે, એક સંકલ્પ છે. હું માનું છું કે, દરેક ઉદ્યોગકારની સફળતા એ ચેમ્બરની શક્તિ છે અને દરેક યુવા ઉદ્યોગકારની પ્રેરણા એ સુરતના ઉદ્યોગનું ભવિષ્ય છે.

મારી ઈચ્છા છે કે, આવનારા સમયમાં "Made in Surat" શબ્દ માત્ર એક લેબલ ન રહે, પરંતુ તે ગુણવત્તા, નૈતિકતા અને વિશ્વસનીયતાનું પ્રતિક બને, જે વિશ્વના દરેક ખૂણે ગૌરવથી ઉચ્ચારાય.

# તંત્રી સ્થાનેથી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) આજે નવી ઉર્જા, નવી વિચારધારણી અને નવી ગતિ સાથે આગળ વધી રહ્યુ છે. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલભાઈ મદ્રાસીના દૃઢ દુરંદેશી નેતૃત્વ હેઠળ ચેમ્બરના તમામ કાર્યક્રમો અને પહેલોમા એક સંકલિત દૃષ્ટિકોણ, ઉત્સાહ અને ઉત્કર્ષ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

ચેમ્બર તથા સુરતના ઉદ્યોગ ધંધા સાથેનો તેમનો બહોળો ઉદ્યોગ અનુભવ, સંગઠનશક્તિ, વ્યાપક સંબંધો અને રોજિંદા કાર્યોમા વ્યક્તિગત રસ ચેમ્બરને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છે. "કંઈક શ્રેષ્ઠ કરી બતાવવાની" તેમની આંતરિક મહેચ્છા, આયોજનશક્તિ અને ટીમવર્કની ભાવનાએ ચેમ્બરના દરેક વિભાગમા નવી ચેતના ફુંકી છે. સ્ટાફ અને સભ્યો સાથેની તેમની નજીકની જોડાણ અને દિશાદર્શકતા SGCCIને વધુ પ્રતિષ્ઠિત બનાવી રહી છે. ઉદ્યોગો તથા વેપાર વણજના પ્રશ્નોથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચેમ્બરની પ્રતિભાને વધુ ઉજળી બનાવતી પ્રતિનિધિ મંડળોની મુલાકાતો અને સહકારના કરાર એક નવી દિશામા ચેમ્બરને લઈ જઈ રહ્યા છે.

ગુજરાત ઉદ્યોગના પ્રાણપ્રશ્નોની સતત દેખરેખ રાખવી, યોગ્ય સ્તરે રજૂઆતો કરવી અને ઉદ્યોગજગત માટે લાભદાયી પરિણામો મેળવવાની તેમની ધગશ પ્રશંસનીય છે. ખાસ કરીને એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ચેમ્બર દ્વારા કરવામા આવતા પ્રયત્નો ઉદ્યોગજગતની નવી પેઢી માટે માર્ગદર્શક બની રહ્યા છે.

ટેક્સટાઈલ ક્ષેત્ર SGCCIની ઓળખ રહ્યો છે અને આજે ચેમ્બર દ્વારા આયોજિત ટેક્સટાઈલ એક્ઝિબિશનો લોકપ્રિયતા સાથે સાથે ઉત્તમ રેવન્યુ જનરેટર તરીકે પણ સ્થાપિત થઈ ગઈ છે. આ સાથે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા અનેક MoU (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) ચેમ્બરના વૈશ્વિક જોડાણ અને પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી રહ્યા છે.

સભ્યોના જ્ઞાન અને અનુભવને સમૃદ્ધ બનાવવા માટે શરૂ કરાયેલ "સામાહિક ઈન્ડસ્ટ્રી વિઝીટ" કાર્યક્રમ ચેમ્બરનો એક સરસ અભિગમ સાબિત થયો છે. ઉદ્યોગકારો માટે આ એક જીવંત શીખવાની પ્રક્રિયા બની ગઈ છે, જ્યા તેઓ નવી ટેક્નોલોજી, મેનેજમેન્ટ સિસ્ટમ અને ઈનોવેશનને અનુભવી શકે છે.

સાથે સાથે ચેમ્બરે આરોગ્ય જાગૃતિના ક્ષેત્રે પણ નવી પહેલ કરી છે. દર રવિવારે યોજાતા હેલ્થ અને મેડિકલ અવેરનેસ સેમિનાર સભ્યો અને તેમના પરિવારજનો માટે ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. માનસિક તાણ, હૃદયરોગ, ડાયાબિટીસ, યોગા, ન્યુટ્રિશન જેવા અનેક વિષયો પર નિષ્ણાતો દ્વારા આપવામા આવતા માર્ગદર્શનને ઉદ્યોગ જગતમાથી ઉલ્લાસભર્યો પ્રતિસાદ મળી રહ્યો છે.



અમરિષ ભટ્ટ

SGCCIની વિશેષ પહેલ SBC - Surat Business Connect ચેમ્બરના સભ્યો માટે બિઝનેસ નેટવર્કિંગ, માહિતી વિનિમય અને સહકારનુ અદ્દભુત પ્લેટફોર્મ બની રહ્યુ છે. તેની સાથે હવે ચેમ્બર દ્વારા નવી શરૂઆત કરાયેલ STBC - Surat Textile Business Connect શાખા પણ તેની સ્થાપનાના થોડા સમય બાદ જ ક્રમશ: ગતિ અને દિશા પકડી રહી છે. આ શાખા ટેક્સટાઈલ ક્ષેત્રમા કાર્યરત ઉદ્યોગકારોને એક સાથે લાવવાનો પ્રયાસ કરી રહી છે, જ્યા વિચારવિમર્શ, સહકાર, સંયુક્ત વૃદ્ધિ અને ટેક્નોલોજી એક્સચેન્જના નવા દ્વાર ખુલ્યા છે.

ચેમ્બરની મહિલા વીંગ પણ આજે સમૃદ્ધિની સાથે જોડાયેલી એક જીવંત શક્તિ બની ગઈ છે. તેમના દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોમા સભ્યોનો ઉમંગભર્યો પ્રતિસાદ મળી રહ્યો છે. તાજેતરમા યોજાયેલ નવરાત્રિ ડાંડીયા મહોત્સવમા રંગ, સંગીત અને આનંદની સજીવ લહેર જોવા મળી હતી, જે SGCCIના પરિવારની એકતા અને ઉત્સાહનુ પ્રતિક છે.

આ રીતે SGCCI આજે માત્ર ઉદ્યોગ જગતનુ પ્રતિનિધિત્વ કરતી સંસ્થા જ નથી રહી, પરંતુ આરોગ્ય, શિક્ષણ, કુશળતા, નૈતિકતા અને સંસ્કૃતિનો સંગમ બનીને સર્વાંગી વિકાસનુ કેન્દ્ર બની ગઈ છે.

શ્રી નિખિલભાઈ મદ્રાસી જેવા દૃઢ, દુરંદેશી અને સમર્પિત નેતૃત્વ હેઠળ ચેમ્બર આવનારા સમયમા ઉદ્યોગહિતના અનેક નવા અધ્યાય લખશે, નવી દિશાઓ ખોલશે અને "સમૃદ્ધિ" શબ્દને સાચા અર્થમા સાકાર કરશે એમા કોઈ સંશય નથી.

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલિન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સારપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારદી (પવાર)**



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**



છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડીંગ, એસઆઇઇસીસી કેમ્પસ, અઠોદ ચાર રસ્તા પાસે, અઠવાલાઇન્સ રોડ, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2201111
(E) info@sgcci.in (W) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**



સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વક્તા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહીં.


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | પ્રમુખ સ્થાનેથી | 03 |
| 02 | ઉપપ્રમુખ સ્થાનેથી | 04 |
| 03 | તંત્રી સ્થાનેથી | 05 |
| 04 | ચેમ્બર દ્વારા સરસાણા ખાતે 'યાર્ન એક્ષ્પો – ૨૦૨૫' સફળતાપૂર્વક યોજાયો | 08 |
| 05 | ચેમ્બર દ્વારા ધન્વંતરી એવોર્ડ – માનવતાના પૂજારી એવોર્ડ સમારોહ યોજાયો | 12 |
| 06 | ચેમ્બરના પ્રતિનિધિ મંડળે લોકસભાની મુલાકાત લઇ દેશની લોકશાહી પ્રણાલિને નજીકથી નિહાળી | 16 |
| 07 | ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર અને ઇથોપિયાના એમ્બેસેડર સાથે બેઠક કરી | 18 |
| 08 | ચેમ્બર દ્વારા ઇન્કમ ટેક્ષ કોન્કલેવ યોજાયો, ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઇન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્માએ સુરતના ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા | 22 |
| 09 | ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંગ રાજપૂત દ્વારા આ ગાઇડ લાઇનની જાહેરાત કરાઇ | 28 |
| 10 | 'ટ્રમ્પ ટેરિફ વોર: ડીલ ઓર નો ડીલ – Why It Won't Matter Much for India' વિષે સેશન યોજાયું | 33 |
| 11 | ટેરિફ કી ઐસી કી તૈસી! તમે વેપાર પર ધ્યાન આપો! અમિત મુલાનીએ ઘણી ટ્રિક્સ શીખવી | 35 |
| 12 | ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' યોજાયો | 37 |
| 13 | ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિની બે દિવસીય સુરત મુલાકાત | 38 |
| 14 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિની સાથે 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમ યોજાયો | 43 |
| 15 | નિર્યાત બંધુ સ્કીમ અંતર્ગત India's FTAs & International Marketing & Export Opportunities through Sub Contracting વિષે સેમિનાર યોજાયો | 48 |
| 16 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશન સાથે મળીને પ્લેટિનમ હોલ ખાતે 'લિગલ કોન્કલેવ– ૨૦૨૫' યોજાઇ | 50 |
| 17 | ચેમ્બર દ્વારા દેશભકિતથી ઓતપ્રોત 'જાગો હિન્દુસ્તાની' કાર્યક્રમ યોજાયો | 55 |
| 18 | 'ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન મેનેજમેન્ટ એન્ડ પોલિસી ઇમ્પ્લીમેન્ટેશન' વિષે જીપીસીબી અને સીજીડબ્લ્યુબીના અધિકારીઓ સાથે ઇન્ટરેક્ટીવ સેશન યોજાયું | 56 |
| 19 | ચેમ્બર દ્વારા 'ઓટો એક્ષ્પો ૨૦૨૬' માટે કર્ટેન રેઝર સેરેમની યોજાઇ | 58 |
| 20 | ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સની આરોગ્ય સંભાળ માટે SGCCI અને IMA સંયુક્ત અભિયાન હાથ ધરશે, ટીબી પેશન્ટ્સને દત્તક લઇને ન્યુટ્રિશન કીટ વિતરણ કરશે | 60 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપ પ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલિન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# ચેમ્બર દ્વારા સરસાણા ખાતે 'યાર્ન એક્સ્પો- ૨૦૨૫' સફળતાપૂર્વક યોજાયો



## સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો વિકાસ ઝડપભેર થઇ શકે અને ઉદ્યોગકારોને યાર્ન પ્રોડકશન વિષેની અદ્યતન ટેકનોલોજીની જાણકારી મળી રહે એ આશયથી ચેમ્બર દ્વારા યાર્ન એક્સ્પોની સાતમી આવૃત્તિ રજૂ કરાઇ : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ભારતને ગ્લોબલ ટેક્સટાઇલ પાવર હાઉસ બનાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત યાર્ન એક્સ્પો- ૨૦૨૫ મહત્વની ભૂમિકા અદા કરશે : રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જે. રઘુનાથ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે યોજાતી પ્રદર્શનોની શ્રેણી અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા વિશાળ પ્રદર્શન તરીકે 'યાર્ન એક્સ્પો- ૨૦૨૫'નું તા. ૧, ૨ અને ૩ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. યાર્ન એક્સ્પોમાં પ્રથમ દિવસે જ સ્વિત્ઝર્લેન્ડ (Switzerland) અને







ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ
લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ
શ્રી જે. રઘુનાથ



ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના
ફેશન યાર્ન બિઝનેસના
સીઇઓ શ્રી સત્યકી ઘોષ

યુરોપિયન કન્ટ્રી ચેક રિપબ્લીક (Czech Republic) અને બાંગ્લાદેશથી આંતરરાષ્ટ્રીય બાયર્સ આવ્યા હતા.

શુક્રવાર, તા. ૧લી ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યાર્ન એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહ સેમિનાર હોલ- એ, એસ.આઇ.ઇ.સી.સી., ડોમ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જે. રઘુનાથ, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ફેશન યાર્ન બિઝનેસના સીઇઓ શ્રી સત્યકી ઘોષ, સંગમ ઇન્ડિયા લિમિટેડના વાઇસ ચેરમેન ડો. એસ.એન. મોદાની અને પલ્લવા ગૃપના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી દુરાઇ પલાનીસામીએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો વિકાસ ઝડપભેર થઇ શકે અને ઉદ્યોગકારોને યાર્ન પ્રોડક્શન વિષેની અદ્યતન ટેકનોલોજીની જાણકારી મળી રહે એ આશયથી ચેમ્બર દ્વારા યાર્ન એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે યાર્ન એક્ષ્પોની સાતમી આવૃત્તિ રજૂ કરવામાં આવી છે. યાર્ન એક્ષ્પોમાં દેશભરમાંથી ૮૫ એક્ઝીબીટર્સે ભાગ લીધો હતો, જેમાં સુરત ઉપરાંત અમદાવાદ, વડોદરા, નવસારી, મુંબઇ, ઇરોડ, કોઇમ્બતુર, હુગલી (વેસ્ટ બંગાલ), લુધિયાણા (પંજાબ), બેંગ્લોર, સિલવાસા, પાનીપત (હરિયાણા), કોલકાતા, નમખલ (તામિલનાડુ), રાજકોટ, ગીર સોમનાથ, દમણ, ભરૂચ, ચેન્નાઇ, રાયપુર (છત્તીસગઢ) અને નાગપુરના એક્ઝીબીટર્સનો સમાવેશ થાય છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જે. રઘુનાથે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૧માં પોલિએસ્ટર યાર્નનું કન્ઝમ્પશન દર મહિને ૧૫૦ ટન હતું, જે હવે દર મહિને ૧.૫૦ લાખ ટન થઇ ગયું છે. આથી ભારતને ગ્લોબલ ટેક્ષ્ટાઇલ પાવર હાઉસ બનાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત યાર્ન એક્ષ્પો- ૨૦૨૫ મહત્વની ભૂમિકા અદા કરશે. આ એક્ષ્પો યાર્ન ઉત્પાદકોથી લઇને કોર્પોરેટ અને ઉદ્યોગકારોને પોતાના આઇડીયા



સંગમ ઇન્ડિયા લિમિટેડના
વાઇસ ચેરમેન
ડો. એસ.એન. મોદાની



પલ્લવા ગૃપના
એક્ઝિક્યુટીવ ડિરેક્ટર
શ્રી દુરાઇ પલાનીસામી



ચેમ્બરના ઉપ પ્રમુખ
શ્રી અશોક જીરાવાલા



અને વિસ્ડમ શેર કરવાનુ પ્લેટફોર્મ પૂરુ પાડે છે. આ એક્સ્પોમા મોટા રાજ્યના બાયર્સ પોતાની આઇડેન્ટીટી અને પર્પઝ ખરીદે છે. આ એક્સ્પો માત્ર ટેક્સટાઇલનુ એક્ઝીબીશન નથી પણ ભવિષ્યની રૂપરેખા છે, જેમા બધાએ સાથે મળીને કામ કરવાનુ છે.

હાલમા એમએમએફનુ કન્ઝમ્પ્શન વધી રહ્યુ છે. ડોમેસ્ટીક કસ્ટમરની ડિમાન્ડ વધતી જઇ રહી છે. ફેશન પણ ખૂબ જ ઝડપથી બદલાઇ રહી છે ત્યારે એના માટેની ભરપાઇ એમએમએફ જ કરી શકે છે. એમએમએફ હવે વૈશ્વિક સ્પર્ધાત્મકતા સુધી પહોંચી ગયુ છે. દર વર્ષે પોલિએસ્ટરનો ગ્રોથ ૬થી ૭ ટકાના દરે થઇ રહ્યો છે, જ્યારે ટેક્નિકલ ટેક્સટાઇલનો ગ્રોથ ૧૦થી ૧૫ ટકાના દરે થઇ રહ્યો છે. યાર્ન એક્સ્પોમા કોર્પોરેટથી માંડીને એમએસએમઇઝ ભાગ લે છે ત્યારે યુવા ઉદ્યોગ સાહસિકોને આગળ આવવા માટે આ એક્ઝીબીશન મહત્વનુ પ્લેટફોર્મ પૂરુ પાડી રહ્યુ છે. વધુમા તેમણે સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ, એઆઇ બેઇઝ ક્વોલિટી કન્ટ્રોલ, ડિજિટલ માર્કેટીંગ, ટેક્નિકલ ટેક્સટાઇલ, ફેશન ટેક, થ્રીડી ગારમેન્ટ સ્કીલ ટ્રેઇનીંગ વિષે જાણકારી આપી હતી.

આસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ફેશન યાર્ન બિઝનેસના સીઇઓ શ્રી સત્યકી ઘોષે ઉદ્યોગ સાહસિકોને વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન વિષે માહિતી આપી હતી.

સંગમ ઇન્ડિયા લિમિટેડના વાઇસ ચેરમેન ડો. એસ.એન. મોદાનીએ જણાવ્યુ હતુ કે, ભારતમા ટેક્સટાઇલનુ મેન્યુફેક્ચરીંગ અને કન્ઝમ્પ્શન બંને છે. તેમણે ટેકનિકલ ટેક્સટાઇલ, ઇન્ડસ્ટ્રીયલ એપ્લીકેશન્સ, સસ્ટેનેબલ ઇંકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ વિષે માહિતી આપી હતી.

પલ્લવા ગ્રુપના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી દુરાઇ પલાનીસામીએ પણ ઉદ્યોગકારોને સંબોધીને ટેક્સટાઇલ ડેવલપમેન્ટ વિષે માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્ઘાટન સમારોહમા ઉપસ્થિત સર્વનો આભાર માન્યો હતો. ચેમ્બરના કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલરે સમારોહનુ સંચાલન કરી અતિથિ વિશેષશ્રીઓનો પરિચય આપ્યો હતો. યાર્ન એક્સ્પોના ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુંદડાએ એક્ઝીબીશન વિષે માહિતી આપી હતી. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુમર, પૂર્વ પ્રમુખશ્રીઓ, સ્પોન્સર્સ, એક્ઝીબીટર્સ, અન્ય દેશોથી આવેલા બાયર્સ, ઉદ્યોગ સાહસિકો અને યાર્નના વેપારીઓ સમારોહમા ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતની જાણીતી બ્રાન્ડ રિધમ ફેશન્સ (લિબર્ટી) દ્વારા આયોજિત ફેશન શોએ ધૂમ મચાવી

સુરતની જાણીતી બ્રાન્ડ રિધમ ફેશન્સ (લિબર્ટી) ગ્રુપના સંચાલક શ્રી દિનેશ ધનકાણી અને સુશ્રી કરિશ્મા ધનકાણીએ વિવિધ ફેશન ઇન્સ્ટીટ્યુટ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ અને ફેશન જગતની મશહુર મોડેલ સાથે દર બે કલાકે ફેશન શોનુ આયોજન કરીને આ યાર્ન એક્સ્પોમા વિશિષ્ટ છોગુ ઉમેર્યુ હતુ. એક તબક્કે ફેશન શોમા એન્ટ્રી પણ બંધ કરવી પડી હતી.

# SGCCIના 'યાર્ન એક્ષ્પો- ૨૦૨૫'ને મળ્યો જબરજસ્ત પ્રતિસાદ



## સ્વિટ્ઝર્લેન્ડ (Switzerland), યુરોપિયન કન્ટ્રી ચેક રિપબ્લીક (Czech Republic) અને બાંગ્લાદેશના બાયર્સ ઉપરાંત દેશભરના વિવર્સની સાથે ટ્રેડર્સ, રિટેલર્સ અને ગારમેન્ટ ઉત્પાદકોએ વિઝીટ કરતા એકઝીબીટર્સને નવી સિઝન માટે બિઝનેસમાં ૨૦ ટકાથી વધારે ગ્રોથની આશા છે : ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧લીથી ૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'યાર્ન એક્ષ્પો- ૨૦૨૫' પ્રદર્શન યોજાયુ હતુ. ત્રણ દિવસ દરમ્યાન સ્વીત્ઝર્લેન્ડ (Switzerland), યુરોપિયન કન્ટ્રી ચેક રિપબ્લીક (Czech Republic) અને બાંગ્લાદેશ ઉપરાંત ભારતના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી કુલ ૨૪૮૮૪ વિવર્સ, ટ્રેડર્સ, રિટેલર્સ અને ગારમેન્ટ ઉત્પાદકોએ યાર્ન એક્ષ્પોની મુલાકાત લેતા એકઝીબીટર્સને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતું કે દેશના વિવિંગ અને નીટિંગ ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોએ ચેમ્બર દ્વારા આયોજિત યાર્ન એક્ષ્પોમા પ્રદર્શિત કરાયેલા ૧૦૦થી પણ વધુ જુદી જુદી વેરાયટીના યાર્ન જેવા કે ટેન્સીલ યાર્ન, કતાન, એન સિલ્ક, લાયોસેલ, ઝીન્ક લિનન, કાર્બન ફાયબર, મોઈશ્ચર મેનેજમેન્ટ, બાયો ડીગ્રેડેબલ, હેમ્પ યાર્ન, એન્ટી માઈક્રોબાયલ યાર્ન, પોલિએસ્ટર ટેક્ષ્યુરાઈઝડ યાર્ન, ડોપ ડાઈડ પોલિએસ્ટર યાર્ન, રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, સિલ્કો પોલિએસ્ટર યાર્ન, મિલાન્જ યાર્ન, કેટેનિક યાર્ન, એર ટેક્ષ્યુરાઈઝડ યાર્ન, સ્લબ યાર્ન, કોટન લુક પોલિએસ્ટર યાર્ન, કોટન ફીલ પોલિએસ્ટર યાર્ન, ફેન્સી પોલિએસ્ટર યાર્ન, ઈનહેરન્ટ ફાયર રેટરડન્ટ યાર્ન અને ઈનહેરન્ટ એન્ટી બેક્ટેરિયલ યાર્ન વિગેરેની વિગતવાર જાણકારી મેળવી હતી.

યાર્ન એક્ષ્પોને વિવર્સ ઉપરાંત ટેક્ષ્ટાઈલ માર્કેટના અનેક વેપારીઓ અને રિટેલર્સે પણ મુલાકાત આપી હતી. તેની સાથે સાથે બહારગામથી આવેલા ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સે પણ વિવિધ યાર્નના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. હવે આ મેન્યુફેક્ચરર્સ

# ત્રણ દિવસમાં દેશના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી વિવર્સ, ટ્રેડર્સ અને ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ મળી ૨૪૮૮૪ બાયર્સે યાર્ન પ્રદર્શનની મુલાકાત લીધી

યાર્ન ઉત્પાદકો પાસેથી સેમ્પલ મંગાવી તેના આધારે નવા પ્રકારના ફેબ્રિક્સ ડેવલપ કરશે. આ રીતે, યાર્ન સેમ્પલીંગ દ્વારા સુરતમાં આગામી સમયમાં વિવિધ પ્રકારના નવા ફેબ્રિક્સ અને ક્રિએશન્સ વિકસાવવામાં આવશે. ખાસ કરીને આ યાર્નમાંથી સ્પોર્ટ્સ માટે ઉપયોગી ફંકશનલ ગારમેન્ટ્સનું ડેવલપમેન્ટ પણ સુરતમાં થવાની શક્યતા છે. આ પ્રકારના ક્રિએટીવ ફેબ્રિક્સ ભવિષ્યમાં એક્સપોર્ટ માટે પણ ઉપયોગી સાબિત થશે.

ત્રણ દિવસ દરમ્યાન સ્વીટ્ઝર્લેન્ડ (Switzerland) યુરોપિયન કન્ટ્રી ચેક રિપબ્લીક (Czech Republic) અને બાંગ્લાદેશથી વિદેશી બાયર્સે યાર્ન એક્સ્પોની વિઝીટ લીધી હતી. આ ઉપરાંત દેશના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી વિવર્સ તથા ટ્રેડર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. જેમાં પ્રથમ દિવસે ૬૧૨૮, બીજા દિવસે ૮૬૦૨ અને રવિવારે છેલ્લા અને ત્રીજા દિવસે ૧૦૧૫૪ બાયર્સ અને વિઝીટર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ખાસ કરીને રાજ્ય બહારથી આવેલા બાયર્સે એક્ઝીબીટર્સ પાસેથી હજારોબંધ ઓર્ડર્સ આપ્યા હતા. આના પરિણામે એક્ઝીબીટર્સને નવી સિઝન માટે બિઝનેસમાં ૨૦ ટકા કરતા વધુ વૃદ્ધિ થવાની અપેક્ષા છે. રાજ્ય બહારના બાયર્સ તરફથી તમામ એક્ઝીબીટર્સને મળેલા જબરજસ્ત પ્રતિસાદના પગલે ઘણા એક્ઝીબીટર્સે ચેમ્બર દ્વારા આગામી વર્ષે આયોજિત થનારા યાર્ન એક્સ્પો- ૨૦૨૬ માટે એડવાન્સ બુકીંગ કરવાની પણ તૈયારી દર્શાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાર્ન એક્સ્પોમાં દેશભરમાંથી ટોપ યાર્નના ઉત્પાદકોએ ભાગ લઇ સિલ્વર જરી અને ગોલ્ડ જરી, ટેન્સીલ યાર્ન, કતાન, એન સિલ્ક, લાયોસેલ, ગ્રીન્ક લિનન, કાર્બન ફાયબર, મોઇશ્ચર મેનેજમેન્ટ બાયો ડીગ્રેડેબલ હેમ્પ યાર્ન, એન્ટી માઇક્રોબાયલ યાર્ન ઉપરાંત સ્પેશિયલ ફેબ્રિક્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતું ૧૦૦ ટકા પોલિએસ્ટર ટેક્ષ્ચ્યુરાઇઝ્ડ યાર્ન, ડોપ ડાઇડ પોલિએસ્ટર યાર્ન, રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, સિરો પોલિએસ્ટર યાર્ન, મિલાન્જ યાર્ન, કેટોનિક યાર્ન, એર ટેક્ષ્ચ્યુરાઇઝ્ડ યાર્ન, સ્લબ યાર્ન, કોટન લુક પોલિએસ્ટર યાર્ન, કોટન ફીલ પોલિએસ્ટર યાર્ન, ફેન્સી પોલિએસ્ટર યાર્ન, ઇનહેરન્ટ ફાયર રેટાર્ડન્ટ યાર્ન અને ઇનહેરન્ટ એન્ટી બેક્ટેરિયલ યાર્ન વિગેરેનું પ્રદર્શન કરાયું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધન્વંતરી એવોર્ડ – માનવતાના પૂજારી એવોર્ડ સમારોહ યોજાયો, દક્ષિણ ગુજરાતના ૭૫ તબીબોનું સન્માન કરાયું





ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર તા. ૨ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સેમિનાર હોલ- એ, સરસાણા, સુરત ખાતે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના તબીબો માટે ધન્વંતરી એવોર્ડ – માનવતાના પૂજારી એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં ૭૫ તબીબોને તેમની સેવાના માનમાં વિશિષ્ટ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, તબીબો જીવનરક્ષક કામગીરી કરનાર સમાજના સત્યના યોદ્ધા છે. કોરોનાકાળથી માંડીને તમામ મેડિકલ ચેલેન્જીસ દરમિયાન તેઓએ પોતાના જીવની પરવા કર્યા વિના સેવા આપી છે. ચેમ્બર દ્વારા આ સમારોહ થકી તબીબોનું માત્ર સન્માન નહીં પણ તબીબી ક્ષેત્રે પોતાની સેવા અને કરુણાથી માનવતા માટે અનોખું યોગદાન આપનાર તબીબોને નત મસ્તક નમન કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા સન્માનિત થયેલા તમામ તબીબો માટે 'સેવા પરમો ધર્મ' કહેવું યોગ્ય થશે.

તબીબી ક્ષેત્રે જાણીતા ડૉ. વિકાસબેન દેસાઇ, ડૉ. નિર્મલ ચોરારિયા, ડૉ. વિનોદ શાહ અને ડૉ. એસ.કે. મહંતીને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. સુરત શહેરમાં






## તબીબી ક્ષેત્રે જાણીતા ડો. વિકાસબેન દેસાઇ, ડો. નિર્મલ ચોરારિયા, ડો. વિનોદ શાહ અને ડો. એસ.કે. મહંતીને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા





ત્રણથી ચાર દાયકાઓથી તેઓએ આપેલી નિસ્વાર્થ અને અવિરત સેવાઓની વિશેષ નોંધ લેવામા આવી હતી. તેઓએ તબીબી ક્ષેત્રે સમાજના દરેક વર્ગો સુધી આરોગ્યની સેવા પહોચાડવાની પ્રતિબદ્ધતા સાથે કાર્ય કર્યુ છે. સમાજસેવા અને વ્યવસાયિક ઈમાનદારીના આધાર પર આજે તેઓ તમામ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારૂલ વડગામા, ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ વર્કર કમિટીના ચેરમેન ડૉ. જગદિશ વઘાસિયા, ગૃપ ચેરમેનો શ્રી રાકેશ ગાંધી અને શ્રી શૈલેષ દેસાઇ, ચેમ્બરની એવોર્ડ્સ એન્ડ રેકગ્નીશન કમિટીના ચેરમેન શ્રી મનિષ માલી, તબીબી મિત્રો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ વર્કર કમિટીના ચેરમેન ડૉ. જગદિશ વઘાસિયાએ સમારોહમા ઉપસ્થિત સર્વેનો આભાર માની સમારોહનુ સમાપન કર્યુ હતુ. આ સમારોહમા શ્રી પારૂલ સોસા, શ્રીમતી સ્નેહા જરીવાલા, ડૉ. રિન્કલ જરીવાલા, શ્રીમતી મંજરી દેસાઇ અને શ્રી અંકિતા વાલંદ અનુક્રમે ધન્વંતરી એવોર્ડ - પાર્ટ ૧, પાર્ટ ૨, પાર્ટ ૩, પાર્ટ ૪ અને પાર્ટ ૫નુ સંચાલન કર્યુ હતુ.

# ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા મિશન સિંદુર થીમ પર ચિત્રકામ સ્પર્ધા યોજાઇ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા રવિવાર, તા. ૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અડાજણ વિસ્તારમા જીવન વિકાસ ટ્રસ્ટ ખાતે મિશન સિંદુર થીમ પર ચિત્રકામ સ્પર્ધા યોજાઇ હતી. જેમા બાળકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ મળી ૬૦ જણાએ ભાગ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, સ્ત્રી સમાનતા, સશક્તિકરણ અને સંસ્કારના સંદેશને શ્રેષ્ઠ રીતે અભિવ્યક્ત કરવાની કોશિષ આ સ્પર્ધા દ્વારા કરવામા આવી હતી. બાળકો અને મહિલાઓમા સર્જનાત્મકતા વિકસે તે માટે ચેમ્બરની લેડીઝ વીંગ આ પ્રકારની પ્રવૃત્તિઓ સતત આયોજિત કરતી રહેશે.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યુ હતુ કે, મિશન સિંદુર થીમ થકી અમે સમાજમા સ્ત્રી સશક્તિકરણને સમર્થન આપી રહ્યા છે. બાળકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓએ જે રીતે આ થીમને સમજીને સુંદર અને વિચારોથી ભરપૂર ચિત્રો તૈયાર કર્યા હતા તે જોઈને અમને ગર્વ થાય છે. આવા કાર્યક્રમો દ્વારા બાળકોમા સમજશક્તિ અને સામાજિક દ્રષ્ટિકોણ બંને વિકસે છે.

આ સ્પર્ધામા ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની લેડીઝ









વીંગના એડવાઈઝર શ્રીમતી રોમાબેન પટેલ તથા કમિટીના સભ્યો અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મઝારીએ સ્પર્ધામાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો જ્યારે લેડીઝ વીંગના સભ્ય શ્રીમતી દક્ષાબેન મોદીએ જ્યુરી મેમ્બર્સના પરિચય આપ્યા હતા. આ સ્પર્ધામાં શ્રી જય ગોહિલ અને શ્રી રાજીવ કાપડીએ જ્યુરી મેમ્બર તરીકે સેવા આપી હતી. વિજેતાઓને પ્રમાણપત્ર અને પુરસ્કાર અપાયા હતા. જ્યારે સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

૮ વર્ષથી નીચેની કેટેગરીમાં વિજેતા થયેલા બાળકોમાં પ્રવ્યા જૈન, આર્વિ મહેતા અને મિતાંશ સોયલીયાને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ કેટેગરીમાં નાયરા ઝવેરી અને પ્રિયાને કોન્સોલેશન પ્રાઇઝ અપાયા હતા. ૮થી ૧૬ વર્ષની કેટેગરીમાં નદની પ્રજાપતિ, અન્વેશા જૈન અને કશિશ બડગુજરને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ૧૬થી ૫૦ વર્ષની કેટેગરીમાં નિધી શર્મા, ત્રિશા મહેતા અને દિવ્યા સિંઘીને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.





# ચેમ્બર ઓફ કોમર્સના ઓફિસ બેરર્સ સહિતના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે લોકસભાની મુલાકાત લઇ દેશની લોકશાહી પ્રણાલિને નજીકથી નિહાળી



## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત દ્વારા દેશના તમામ વડાપ્રધાનોના જીવન અને યોગદાન વિષે માહિતી મેળવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ નિતિષ મોદી, ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા તથા કો-ચેરમેનો શ્રી ચેતન શેઠ અને શ્રી અમિત શાહ તેમજ ગ્રુપ ચેરમેનો શ્રી ગિરધરગોપાલ મુંદડા,








શ્રી રાજેન્દ્ર લાલવાલા, શ્રી ભરત વાણાવાલા અને શ્રી સંજીવ ગાંધી સહિત ૬૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે તા. ૫ અને ૬ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન બે દિવસ માટે નવી દિલ્હી ખાતે સંસદ ભવનની મુલાકાત લઇ દેશની લોકશાહી પ્રણાલિને નજીકથી નિહાળી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ નવી દિલ્હી ખાતે સંસદ ભવનની મુલાકાત માટે ભારતના કેન્દ્રિય જલશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજી, સુરતના સાંસદ શ્રી મુકેશભાઇ દલાલ અને સાંસદ શ્રી ગોવિંદભાઇ ધોળકિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રથમ દિવસે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત દ્વારા દેશના તમામ વડાપ્રધાનોના જીવન અને યોગદાન વિષે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેઓએ જૂના અને નવા સંસદ ભવનની મુલાકાત દરમિયાન દેશની લોકશાહી પ્રણાલીને નજીકથી નિહાળી હતી. સંસદ ભવન ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા, સાંસદ શ્રી મુકેશભાઇ દલાલ અને ગુજરાતના ધારાસભ્ય શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાથે મુલાકાત કરી તેઓનુ માર્ગદર્શન મેળવ્યુ હતુ.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બીજા દિવસે નવા સંસદ ભવન ખાતે લોકસભાની જીવંત કાર્યવાહી નિહાળી હતી. જ્યા ભારતના કેન્દ્રિય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજી, યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ તેમજ ઇન્ફર્મેશન એન્ડ બ્રોડ કાસ્ટીંગ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર, કંગના રનૌત, શ્રી અરુણ ગોવિલ, શ્રી અખિલેશ યાદવ, શ્રી પુરુષોત્તમ રૂપાલાજી, શ્રી શશી થરૂર, મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા, શ્રી હરિભાઇ પટેલ, સુશ્રી સુપ્રિયા સુલે, મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, સ્પીકર શ્રી ઓમ બિરલાજી, શ્રી દિલીપ સૈકિયા, શ્રી જે.પી. નડ્ડાજી, શ્રી જિતેન્દ્ર સિંહ, શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને અન્ય સૌની કામગીરી નિહાળી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ઈન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર અને ઈથોપિયાના એમ્બેસેડર સાથે બેઠક કરી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી સહિતના પ્રતિનિધિ મંડળ દ્વારા નવી દિલ્હી ખાતે ઈન્ડોનેશિયા એમ્બેસીના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) શ્રી દદાન્ગ હિદાયત (Minister Counselor (Economic) Embassy of Indonesia- Mr. Dadang Hidayat) તથા ઈથોપિયાના એમ્બેસેડર







હીઝ એક્સલન્સ મોલાલાઇન અસ્ફાવ (Dy. Head of Mission of Ethiopia H.E. Ambassador Molalign Asfaw) સાથે બે અલગ અલગ મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) સાથે યોજાયેલી મિટીંગ ખૂબ જ માહિતીપ્રદ અને ફળદાયી રહી હતી. આ મિટીંગ દરમિયાન ભારતમાં સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ઇન્ડોનેશિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારીક સંબંધો, એક્ષ્પોર્ટ-ઇમ્પોર્ટ માટેની તકો અને બે દેશોના ઉદ્યોગોને પરસ્પર સહયોગના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, જેમ એન્ડ જ્વેલરી, ફૂડ પ્રોસેસિંગ અને સ્મોલ બિઝિનેસ એન્ટરપ્રાઇઝીસ ડેવલપ થઇ રહયા છે ત્યારે આ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ માટે બંને પક્ષે મહત્વપૂર્ણ સંવાદ થયો હતો. આગામી તા. ૧૫થી ૧૯ ઓકટોબર ૨૦૨૫ દરમ્યાન ઇન્ડોનેશિયા ખાતે ૪૦મા ટ્રેડ એક્ષ્પોનું આયોજન થનાર છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ એક્ષ્પોમાં ફૂડ એન્ડ બેવરેજીસ, એગ્રીકલ્ચર, મેન્યુફેક્ચરીંગ પ્રોડકટ્સ અને લાઇફ સ્ટાઇલ પ્રોડકટ્સનું પ્રદર્શન કરાશે. ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલરે ચેમ્બરના નેજા હેઠળ સુરતના ઉદ્યોગ સાહસિકો ભાગ લઇ શકે તે માટે અનુરોધ કર્યો હતો. ચેમ્બર પ્રમુખે તેઓને સુરતના વિવિધ સેકટરના ૩૦થી ૪૦ ઉદ્યોગ સાહસિકોના બિઝનેસ ડેલીગેશનને ઇન્ડોનેશિયા ખાતે ૪૦મા ટ્રેડ એક્ષ્પોમાં મોકલાશે તેવી ખાત્રી આપી હતી.

આ ઉપરાંત ચેમ્બરના ઓફિસ બેરર્સ દ્વારા ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એક્સલન્સ મોલાલાઇન અસ્ફાવ (Dy. Head of Mission of Ethiopia H.E. Ambassador Molalign Asfaw) સાથેની મિટીંગ પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. આ મિટીંગમાં ઇથોપિયા સાથેના વેપાર, રોકાણની તકો અને ઉદ્યોગ-ધંધાઓ માટે પરસ્પર સહયોગ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચેમ્બરના પ્રતિનિધિઓએ દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગો ખાસ કરીને જેમ એન્ડ જ્વેલરી, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ્સ તથા ઔદ્યોગિક ડેવલપમેન્ટ વિષે ઇથોપિયાના એમ્બેસેડરને માહિતગાર કર્યા હતા. સાથે જ તેઓને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તથા વિવિધ ઉદ્યોગ-ધંધાઓની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

આ બંને મિટીંગોના માધ્યમથી ચેમ્બર ઓફ કોમર્સે આંતરરાષ્ટ્રીય સ્તરે નવા સહયોગના માર્ગ ખોલવાના પ્રયત્નો કર્યા છે, જેનો લાભ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને ભવિષ્યમાં ચોક્કસપણે મળશે.

# 'માતાનું દુધ શિશુ માટે શ્રેષ્ઠ ભોજન', ચેમ્બરની લેડીઝ વીંગે અન્ય સંસ્થાઓ સાથે મળીને વિશ્વ સ્તનપાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું




## કાર્યક્રમમાં સમગ્ર સંવાદ શેરી નાટક દ્વારા કરવામાં આવ્યો હતો, જે લોકોને સમજણ પૂરી પાડવા માટે ખૂબ જ અસરકારક સાબિત થયો હતો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝવીંગ દ્વારા ગુરૂવાર, તા. ૭ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'માતાનું દુધ શિશુ માટે શ્રેષ્ઠ ભોજન' સંદર્ભે વિશ્વ સ્તનપાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ સર્જન ડૉ. અમી યાજ્ઞિક, બાળકોના નિષ્ણાત ડૉ. કેતન ભરડવા અને લેક્ટેશન



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



જનરલ સર્જન ડૉ. અમી યાજ્ઞિક



**બાળકોના નિષ્ણાંત ડો. કેતન ભરડવા**



**લેકટેશન કન્સલ્ટન્ટ સુશ્રી રચના દલાલ**

કન્સલ્ટન્ટ સુશ્રી રચના દલાલે સ્તનપાનના આરોગ્યલક્ષી, વૈજ્ઞાનિક અને સામાજિક પાસાઓ પર વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, સ્તનપાન માત્ર માતા અને શિશુ વચ્ચેનો અતુટ સબંધ નથી, પરંતુ જીવનભર માટેના સારા આરોગ્યનો પાયો છે. આ બાબતે સમાજના દરેક વર્ગે જાગૃતિ ફેલાવવી જોઈએ.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યુ હતુ કે, સ્તનપાન એ માતાની સાથે સાથે એના પતિ, સાસુ તથા કુટુંબના સભ્યોની પણ જવાબદારી છે. વિશ્વ સ્તનપાન સપ્તાહનો ઉદ્દેશ્ય સમાજમા આ મુદ્દે જાગૃતિ લાવવાનો છે, જેથી દરેક માતા પોતાની ભૂમિકા અંગે વધુ જાગૃત થાય.

જનરલ સર્જન ડૉ. અમિબેન યાજ્ઞિકે જણાવ્યુ હતુ કે, માતાનુ દુધ શિશુના પ્રથમ છ મહિના માટે સંપૂર્ણ અને કુદરતી પોષણનુ એકમાત્ર સ્ત્રોત છે. તે બાળકના શારીરિક વિકાસની સાથે સાથે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ખૂબ જ મહત્વનુ હોય છે. સ્તનપાનથી બાળકને જરૂરી પ્રોટીન, વિટામિન અને મિનરલ્સ મળે છે, જે તેને સામાન્ય રોગોથી રક્ષણ આપે છે.

બાળકોના નિષ્ણાત ડૉ. કેતન ભરડવાએ જણાવ્યુ હતુ કે, સ્તનપાન શિશુના સર્વાંગી વિકાસ માટેનુ પ્રથમ અને શ્રેષ્ઠ પાયાનુ પોષણ છે. માતાનુ દુધ પચવામા સહેલુ છે અને તેમા રહેલા પોષક તત્વો બાળકની જરૂરિયાત મુજબ બદલાતા રહે છે, જે કુદરતી રીતે માત્ર માનવ શરીર જ પુરા પાડી શકે છે.

જ્યારે લેક્ટેશન કન્સલ્ટન્ટ સુશ્રી રચના દલાલે સમાજમા રહેલી ખોટી માન્યતાઓ દૂર કરીને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

આ કાર્યક્રમ એટલા માટે પણ વિશિષ્ટ હતો કે સમગ્ર સંવાદ શેરી નાટક દ્વારા કરવામા આવ્યો હતો, જે લોકોને સમજણ પૂરી પાડવા માટે ખૂબ જ અસરકારક સાબિત થયો હતો. કાર્યક્રમમા ઉપસ્થિત તમામે એવુ અનુભવ્યુ હતુ કે તે પોતાના અંગત જીવનમા તથા સામાજિક જીવનમા ઘણા બધાને ઉપયોગી થઈ શકશે.

ચેમ્બરના તાત્કાલિન પુર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિક, લેડીઝ વીંગ કમિટીના સભ્યો, વુમન આંત્રપ્રિન્યોર સેલના કો-ચેરપર્સન શ્રીમતી રોશનીબેન ટેલર, મહિલા સાહસિકો તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ કાર્યક્રમમા ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ કાર્યક્રમમા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

વિશ્વસ્તનપાન જાગૃતિ સપ્તાહના આયોજન માટે ચેમ્બરની લેડીઝ વીંગને રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, સુરત પિડિયાટ્રિક એસોસીએશન, ઇન્ડિયન મેનોપોઝ સોસાયટી, ક્લબ ૩૫ પ્લસ, પેરેન્ટીંગ ફોર પીસ, નવસર્જન - ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ, અખિલ હિંદ મહિલા પરિષદ, સર્વિસ ટુ હ્યુમનિટી ઇઝ સર્વિસ ટુ ગોડ, અજ્ઞગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટ - સુરત, વેલનેસ સેન્ટર ફોર વુમન, અદાણી ફાઉન્ડેશન - હજીરા, ટુગેધર વી રાઇઝ, શ્રમજીવી મહિલા કલ્યાણ ટ્રસ્ટ - સુરત અને આજિવિકા બ્યુરો વિગેરે સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ચેમ્બર દ્વારા ઈન્કમ ટેક્ષ કોન્કલેવ યોજાયો, ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્માએ સુરતના ઉદ્યોગ સાહસિકો, સીએ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ અને બિઝનેસ પ્રોફેશનલ્સ તેમજ કરદાતાઓને સંબોધ્યા



## ઈન્કમ ટેક્ષ વિભાગના પ્રોજેક્ટ ટેક્ષ કલેક્શનમાં થયેલી ઐતિહાસિક વૃદ્ધિમાં વ્યાવસાયિકો, કરદાતાઓ અને ઉદ્યોગ જગતનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે : ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ એન્ડ ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૩:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'ઈન્કમ ટેક્ષ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા (IRS)એ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી સુરતના ઉદ્યોગ સાહસિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્ષ કન્સલ્ટન્ટ્સ, બિઝનેસ પ્રોફેશનલ્સ અને કરદાતાઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે પણ ભારતનું ટેક્ષ માળખું એક યોજના કરતાં વધુ એક કોયડા જેવું લાગે છે. ૯૦ ટકાથી વધુ વિવાદો અર્થઘટનના મુદ્દાઓથી ઉદ્ભવે છે. જો આપણે લોકોને પાલન કરાવવા માગીએ છીએ તો આપણે પહેલા તેમને સમજવામાં મદદ કરવી પડશે. તેમણે કહ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના એમએસએમઈઝ આગળ વધી રહ્યા છે, ઈન્કમ ટેક્ષ ફાઈલિંગ વધી રહ્યા છે, તેવા સંજોગોમાં જ્યારે સાચી ભૂલો થાય ત્યારે સિસ્ટમે દંડ નહીં, પરંતુ સમર્થન સાથે પ્રતિભાવ આપવો જોઈએ. અજાણતા થયેલી ભૂલો સહાનુભૂતિને પાત્ર છે, દંડને નહીં. ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા (IRS)એ જણાવ્યું હતું કે, ઈન્કમ ટેક્ષ વિભાગના પ્રોજેક્ટ ટેક્ષ કલેક્શનમાં છેલ્લા ૩૫ વર્ષોમાં



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા (IRS)**



**ગુજરાત હાઈ કોર્ટના એડવોકેટ શ્રી મનિષ શાહ**

અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાઈ છે. વિભાગનું પ્રોજેક્ટ ટેક્ષ કલેક્શન તે સમયના રૂપિયા ૧૦૦૦૦ કરોડમાંથી વધીને હાલ રૂપિયા ૨.૨૫ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. આ સફળતા માત્ર વિભાગની નહીં પરંતુ તેમા વ્યાવસાયિકો, કરદાતાઓ અને ઉદ્યોગ જગતનો મહત્વપૂર્ણ ફાળો છે અને આ વૃદ્ધિ સમાજની સર્વાંગી વિકાસની નિશાની છે.

તેમણે આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, આજથી ૩૫ વર્ષ પહેલા રિટર્ન ફાઈલીંગનો આંક ૭૦ લાખ હતો. જ્યારે હવે તે ૯ કરોડને પાર કરી ગયો છે. ઈન્કમ ટેક્ષ વિભાગ દ્વારા અમલમાં આવેલી ફેસલેસ એસેસમેન્ટ પદ્ધતિ મોટા ભાગના સ્ટેકહોલ્ડર્સ દ્વારા સારી રીતે સ્વીકારાઈ છે અને ટેક્નોલોજીના ઉપયોગથી કોમ્પ્લાયન્સ પ્રક્રિયામાં ઝડપ અને પારદર્શિતા આવી છે.

વધુમાં આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, ઈન્કમ ટેક્ષ વિભાગ દ્વારા કેપ્ચર કરાયેલા ટ્રાન્ઝેકશનમાં સેલેરી સંબંધિત રૂપિયા ૪૨ લાખ કરોડ, સેવિંગ બેંક ઈન્ટરેસ્ટ રૂપિયા ૧ લાખ ૪૦ હજાર કરોડ, ફિક્સ્ડ ડિપોઝિટ ઈન્ટરેસ્ટ રૂપિયા ૮ લાખ ૫૦ હજાર કરોડ અને રેન્ટ ઈન્ટરેસ્ટ રૂપિયા ૫ લાખ ૫૦ હજાર કરોડનો સમાવેશ થાય છે. વિભાગના મહત્વપૂર્ણ ટેક્નોલોજીકલ પ્રોજેક્ટસમાં ડેટા વેરહાઉસ અને બિઝનેસ ઈન્ટેલિજન્સનો સમાવેશ થાય છે, જેના માધ્યમથી લગભગ રૂપિયા ૬૦૦ લાખ કરોડના ટ્રાન્ઝેકશન ડેટા કેપ્ચર કરાયા છે.

શ્રી સતિષ શર્મા (IRS)એ જણાવ્યું હતું કે, એક સમયે સેલેરી ક્લાસમાં વ્યાજની આવક કે કેપિટલ ગેઈન આવક રિટર્નમાં દર્શાવવાની પ્રવૃત્તિ બહુ ઓછી હતી. પરંતુ વ્યાવસાયિકો દ્વારા જાગૃતિ ફેલાવવાના પ્રયત્નોથી આજે પરિસ્થિતિ સુધરી રહી છે. તેમણે વ્યાવસાયિકો અને કરદાતાઓને સ્પષ્ટ સંદેશ આપતા કહ્યું હતું કે, જે ખોટું છે તે ખોટું જ છે. ભૂલથી હોય કે અન્ય કારણોસર, તેને સુધારવા માટે વિભાગે અપડેટેડ રિટર્નની વ્યવસ્થા કરી છે, જે પહેલા બે વર્ષ માટે હતી. હવે એ ચાર વર્ષ માટે છે, આથી જવાબદારીપૂર્વક કોમ્પ્લાયન્સ કરવું એ સૌની ફરજ છે.

આ કોન્કલેવમાં નિષ્ણાત વક્તા તરીકે ગુજરાત હાઈ કોર્ટના એડવોકેટ શ્રી મનિષ શાહે ટેક્ષ ઓથોરિટીઝ અને કોર્ટ સમક્ષ રોજબરોજની કામગીરીમાં ઉભા થતા વિવિધ મહત્વના



**(ICAI) તેમજ (ICSI)ના મેમ્બર શ્રી તપસ રૂપારેલીયા**



**ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**



પ્રશ્નો અને મુદ્દાઓ વિષે જાણકારી આપી હતી.

નિષ્ણાત વક્તા તરીકે ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) તેમજ ઇન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI)ના મેમ્બર અમદાવાદના શ્રી તપસ રૂપારેલીયાએ ટેક્ષેશન સંબંધિત કામગીરી, ઓફિસના કાર્યો તેમજ એકાઉન્ટીંગની અન્ય પ્રક્રિયાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેક્નોલોજીનો કેવી રીતે મહત્તમ ઉપયોગ કરી શકાય છે, તેના વિષે વિસ્તૃત સમજણ આપી હતી.

ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સના પ્રમુખ શ્રી આશુતોષ ઠક્કર અને ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસીએશનના પ્રમુખ શ્રી નરેન્દ્ર કરકરે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ટેક્ષ એડ્વોકેટ એસોસીએશન ગુજરાતના પ્રમુખ એડ્વોકેટ અનિલ ટિમ્બડીયાએ કન્ક્લુડીંગ રિમાર્કસ આપ્યા હતા. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સમગ્ર કોન્કલેવની રૂપરેખા આપી હતી. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, કોન્કલેવ કમિટીના ચેરમેન શ્રી અતુલ પટેલ, સુરતના ઉદ્યોગ સાહસિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્ષ કન્સલ્ટન્ટ્સ, બિઝનેસ પ્રોફેશનલ્સ અને કરદાતાઓ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડૉ. અનિલ સરાવગીએ કોન્કલેવનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે મુખ્ય મહેમાનનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના કો-ચેરમેન સીએ અક્ષય મોદીએ કોન્કલેવમાં સવાલ – જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. સીએ અશ્વિન ભાઉવાલા અને સાઉથ ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસીએશનના પ્રમુખ એડ્વોકેટ કુલિન પાઠકે વક્તાઓનો પરિચય આપ્યો હતો.

કોન્કલેવમાં ટેકનિકલ સેશન દરમ્યાન આઇડીએફસી ફર્સ્ટ બેંકના કલસ્ટર હેડ શ્રી ઉજ્જવલ વોરાએ સુરતના ઉદ્યોગ સાહસિકો માટે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

ઇન્કમ ટેક્ષ કોન્કલેવના આયોજન માટે ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI), સુરત તેમજ ટેક્ષ એડ્વોકેટ એસોસીએશન ઓફ ગુજરાત અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસીએશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ યુકો બેન્ક દ્વારા આયોજિત 'રિસોર્સિસ, એમએસએમઇ એન્ડ એગ્રી કાર્નિવલ'માં એમએસએમઇ ક્ષેત્રની સંભાવનાઓ પર ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું




યુકો બેન્ક દ્વારા તા. ૧૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ ઇમ્પિરિયલ મોલ, અડાજણ, સુરત ખાતે આવેલા હિલ સે રે બેન્કવેટમાં 'રિસોર્સિસ, એમએસએમઇ એન્ડ એગ્રી કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં શ્રી અશોક જીરાવાલાએ એમએસએમઇ ક્ષેત્ર માટેની સંભાવનાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની સાથે યુકો બેન્કના કોલકાતા મુખ્ય કાર્યાલયના એમએસએમઇ ઓલ ઇન્ડિયા જનરલ મેનેજર શ્રી પ્રેમશંકર ઝા તથા યુકો બેન્ક સુરતના ઝોનલ હેડ શ્રી નિરજ ઠકોરકર અને ચેમ્બરની એગ્રીકલ્ચર અને એનિમલ હસ્બેન્ડરી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પોતાના સંબોધનમાં એમએસએમઇ ક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓ, ભવિષ્યની સંભાવનાઓ તથા વિકાસની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એમએસએમઇ ક્ષેત્ર ભારતની આર્થિક વૃદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને રોજગારી આપવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે, આથી ઉદ્યોગ સાહસિકોએ અદ્યતન ટેકનોલોજી અપનાવી તેઓની પ્રોડકટ માટે વિશ્વમાં નવા બજારો શોધવા જોઇએ. એના માટે ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓએ બેન્કિંગ સગવડોનો યોગ્ય ઉપયોગ કરીને પોતાના ધંધા – વ્યવસાયને ભારતમાં ડોમેસ્ટીક કક્ષાની સાથે સાથે વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બનાવવો જોઇએ.

વધુમાં, તેમણે યુકો બેન્કને ચેમ્બર ઓફ કોમર્સ ખાતે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ માટે આવા જ પ્રકારના કાર્યક્રમોનું સંયુકત રીતે આયોજન કરવા માટે આમંત્રણ આપ્યું હતું, જેથી ઉદ્યોગ ક્ષેત્ર સાથેના સંબંધો વધુ મજબૂત બની શકે અને એમએસએમઇ ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળી શકે.

# આયુર્વેદિક અને યોગ થેરાપી જીવનમાં કેવી રીતે બદલાવ લાવે છે તેના સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે આયુર્વેદિક અને યોગ થેરાપી જીવનમાં કેવી રીતે બદલાવ લાવે છે તે સંદર્ભે સેશન યોજાયું હતું, જેમાં તાપી ફ્રુટ પ્રોસેસિંગ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઘનશ્યામ લુખીએ પોતાના અનુભવોથી યોગ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વ્યસ્ત વ્યવસાયિક જીવનમાં ટારગેટ, મિટીંગ્સ, ડેડલાઈન્સ અને સતત સ્પર્ધાની વચ્ચે



**તાપી ફ્રુટ પ્રોસેસિંગ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઘનશ્યામ લુખી**

આપણે આપણા સ્વાસ્થ્ય તરફ બહુ ઓછું ધ્યાન આપીએ છીએ. વ્યવસાયમા સફળ થવા માટે તંદુરસ્ત મન અને તંદુરસ્ત શરીર એટલા જ જરૂરી છે જેટલા બિઝનેસ માટે કેપિટલ અને સ્ટ્રેટેજી. યોગથી આરોગ્યની સ્વસ્થતા જાળવી શકાય છે.

તાપી ફ્રૂટ પ્રોસેસિંગ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઘનશ્યામ લુખીએ જણાવ્યુ હતુ કે આયુર્વેદિક પદ્ધતિ અને યોગ થેરાપી માત્ર શારીરિક તંદુરસ્તી માટે જ નહી, પરંતુ માનસિક શાંતિ, રોગપ્રતિકારક શક્તિમા વધારો અને જીવનની ગુણવત્તામા સુધારો લાવે છે. નિયમિત યોગાભ્યાસ તેમજ સંતુલિત અને સાત્વિક આહાર દ્વારા જીવનમા લાંબાગાળાનો સકારાત્મક બદલાવ આવી શકે છે.

તેમણે જણાવ્યુ હતુ કે યોગથી શરીર ડિટોક્સ થાય અને એની સાથે વિચારો પણ ડિટોક્સ થઇ જાય છે. યોગની સાથે સાથે ખોરાક પણ સાત્વિક હોવો જોઇએ. શરીર ત્યારે જ બેલેન્સ રહેશે જ્યારે માઇન્ડ બેલેન્સ રહેશે અને યોગથી માઇન્ડ બેલેન્સ થાય છે. વધુમા તેમણે કહ્યુ કે, પ્રાણાયમથી ઘણા લોકોને સારા થતા જોયા છે. મોટા ભાગના લોકો વધુ પડતા વિચારોને કારણે તણાવમા હોય છે. આ કોઇ કામના વિચારો નથી, આ નોન પ્રોડક્ટીવ વિચારોને કારણે વ્યક્તિ સતત તણાવમા રહે છે અને યોગ આ વિચારોને ધીરે ધીરે સ્થિર કરે છે.

તેમણે કહ્યુ હતુ કે, આયુર્વેદ અને યોગ એ બંને ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે, પરંતુ કમનસીબની વાત છે કે ભારતની આ બંને પ્રાચીન સંસ્કૃતિ અમેરિકા ફરીને પાછી ભારતમા આવે છે ત્યારે લોકો એને અપનાવે છે. યોગ જ્યારે યોગા બનીને આવે છે ત્યારે લોકો એને અપનાવે છે એ આપણી કમનસીબી છે.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મનિષાલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આયુષ કમિટીના કો-ચેરમેન ડૉ. નિપેશ પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો. કો-ચેરપર્સન ડૉ. પાયલ પટેલે કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતુ. જ્યારે કમિટીના સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે સેશનમા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સેશનમા ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને સભ્યોના વક્તાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનુ સમાપન થયુ હતુ.

# ટેક્ષ્ટાઇલ માટે પીએલઆઇ યોજનાની વિંડો ફરી શરૂ થયાને ચેમ્બરનો આવકાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યુ કે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના હિતધારકો અને ચેમ્બરની વિનંતીને પગલે કેન્દ્રીય ટેક્ષ્ટાઇલ મંત્રાલયે ઉત્પાદન સાથે સંલગ્ન પ્રોત્સાહન યોજના (PLI) હેઠળ નવી અરજીઓ મંગાવવાનુ નક્કી કર્યુ છે અને એ મુજબ પોર્ટલ ફરી શરૂ થયુ છે અને ઉદ્યોગકારો તા. ૩૧મી ઓગષ્ટ સુધી અરજી કરી શકે છે.

ટેક્ષ્ટાઇલ માટેની પીએલઆઈ યોજનાની જાહેરાત ૨૦૨૧મા થઇ હતી અને રૂપિયા ૧૦૬૮૩ કરોડના બજેટની આ યોજનાનો ઉદ્દેશ મેન મેડ ફાયબર (MMF), એપેરલ અને ફેબ્રિક્સના ઉત્પાદનને પ્રોત્સાહન આપીને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને વધારે સ્પર્ધાત્મક બનાવવાનો અને વધુ રોજગારી પેદા કરવાનો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ મંત્રી શ્રી ભાવેશ ટેલર અને માનદ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યુ હતુ કે, અમેરિકાએ જાહેર કરેલ ૫૦% ટેરિફની વચ્ચે આ જાહેરાત થઇ છે. MMFમા વિસ્કોસ, પોલિએસ્ટર, એક્રેલિકનો સમાવેશ થાય છે, જે રસાયણોમાંથી બનાવવામા આવે છે. બીજી તરફ, ટેકનિકલ કાપડ એ નવા યુગનુ કાપડ છે, જેનો ઉપયોગ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (PPE) કીટસ, એરબેગ, બુલેટપ્રુફ વેસ્ટ્સના ઉત્પાદન માટે થઇ શકે છે અને તેનો ઉપયોગ ઉડ્ડયન, સંરક્ષણ, માળખાગત સુવિધાઓ જેવા ક્ષેત્રોમા પણ થઇ શકે છે.

અત્યાર સુધીમા કેન્દ્ર સરકારે કાપડ માટે પી.એલ. આઇ. યોજના હેઠળ ૮૦ અરજદારોને મંજૂરી આપી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, સરકાર પી.એલ.આઇ. યોજના હેઠળ પ્રોત્સાહન તરીકે રૂપિયા ૫૦૦ કરોડની વહેંચણી કરવાનુ લક્ષ્ય ધરાવે છે. પાંચ વર્ષમા આ યોજના રૂપિયા ૧૯,૦૦૦ કરોડથી વધુના નવા રોકાણ તરફ દોરી જશે અને ૩૫૦,૦૦૦થી વધુ નોકરીઓનુ સર્જન કરશે તેવી અપેક્ષા છે.

# ગુજરાત ટેક્સટાઇલ પોલિસી- ૨૦૨૪ અંતર્ગત રાજ્યના ટેક્સટાઇલ એકમોને ઔદ્યોગિક પ્રોત્સાહનો અંગે સરકાર દ્વારા ગાઇડ લાઇન જાહેર કરાઇ



## ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંગ રાજપૂત દ્વારા આ ગાઇડ લાઇનની જાહેરાત કરાઇ

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામા આવેલી ગુજરાત ટેક્સટાઇલ પોલિસી- ૨૦૨૪ અંતર્ગત રાજ્યના વિવિધ તાલુકાઓને કેટેગરી મુજબ વર્ગીકૃત કરીને ઔદ્યોગિક પ્રોત્સાહનો અંગે સરકાર દ્વારા ગાઇડ લાઇન જાહેર કરવામા આવી છે. ગુરુવાર, તા. ૧૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ વલસાડ કલેક્ટર કચેરી ખાતે ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંગ રાજપૂત દ્વારા આ ગાઇડ લાઇનની જાહેરાત કરવામા આવી હતી. આ જાહેરાત વખતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા ઉપરાંત વલસાડના સાંસદ તેમજ લોકસભાના વ્હીપ શ્રી ધવલ પટેલ, ધારાસભ્ય શ્રી ભરત પટેલ, કે. સ્વરૂપ (IAS) અને વલસાડ કલેક્ટર શ્રી ભવ્ય વર્મા (IAS) ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, સરકારની ગાઇડ લાઇન મુજબ સ્વરોજગાર માટે ઓછામા ઓછા ૨૫ મહિલાઓના ગ્રુપને 'સેલ્ફ હેલ્પ ગ્રુપ' તરીકે માન્યતા આપવામા આવશે. જેના અંતર્ગત દરેક મહિલાને દર મહિને રૂપિયા પાંચ હજાર સુધીનો લાભ આપવામા આવશે. ગુજરાત સરકારનો હેતુ ટેક્ષટાઇલ ઉદ્યોગમા રોકાણને પ્રોત્સાહન આપવાનો, મહિલા સશક્તિકરણને મજબૂત બનાવવાનો અને રાજ્યના ગ્રામ તેમજ શહેરી વિસ્તારોમા રોજગારીની નવી તકો ઊભી કરવાનો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યુ હતુ

# સ્વરોજગાર માટે ૨૫ મહિલાઓના ગ્રૂપને 'સેલ્ફ હેલ્પ ગ્રૂપ' તરીકે માન્યતા મળશે, સરકારની ગાઇડ લાઇનનો હેતુ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો અને રાજ્યના ગ્રામ તેમજ શહેરી વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



કે. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઇડ લાઇન મુજબ શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્સ્ટાઇલ એકમોને હવે સરકારની પ્રોત્સાહક યોજનાના લાભ મળી શકશે સરકારની ગાઇડ લાઇન મુજબ હવે કમ્પોઝીટ યુનિટમાં સ્પીનિંગથી લઇને ફેબ્રિક સુધીની પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી છે. સરકારની આ ઉદ્યોગલક્ષી જાહેરાતને પગલે ટેક્સ્ટાઇલ ઉદ્યોગ હવે વધુ હરણફાળ ભરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્સ્ટાઇલ એકમોને સરકારની યોજનાઓનો લાભ અપાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી, આથી સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઇડ લાઇનમાં તેનો સમાવેશ કરવામાં આવતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી સહિતના ઓફિસ બેરર્સ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત અને ગુજરાતના રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીનો આભાર વ્યક્ત કરવામાં આવે છે

## શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્ષ્ટાઇલ એકમોને હવે યોજનાઓનો લાભ મળશે, કમ્પોઝીટ યુનિટમાં સ્પીનિંગથી લઇને ફેબ્રિક સુધીની પ્રવૃત્તિઓનો સમાવેશ કરાતા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ હવે વધુ હરણફાળ ભરશે : ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા

# ચેમ્બર દ્વારા ટોકીંગ ટુ બોડીમાઇન્ડ વિષે સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૨ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે ટોકીંગ ટુ બોડીમાઇન્ડ વિષે સેશન યોજાયું હતું, જેમાં વક્તા તરીકે તથાસ્તુ વાઇબ્સના ફાઉન્ડર એન્ડ સીઇઓ સુશ્રી સાક્ષી પ્રેમે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા ઉદ્યોગ જગત અને સમાજના હિત માટે પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરતું રહે છે. આવા સેશન દ્વારા સભ્યોને નવી દિશામાં વિચારવાની તક મળે છે, નવી કુશળતાઓ શીખવા મળે છે અને વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રેરણા મળે છે.

સુશ્રી સાક્ષી પ્રેમે જણાવ્યું હતું કે, માનવીનું શરીર અને મન એકબીજા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલ છે. જો આપણે મનની અવસ્થાને સમજીને શરીરને સંકેતો આપીએ તો આરોગ્યમાં સુધારો લાવી શકાય છે. સાથે જ માનસિક શાંતિ અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર ફેરફાર આવી શકે છે. બોડીમાઇન્ડ કમ્યુનિકેશન દ્વારા વ્યક્તિ પોતાની અંદરના સકારાત્મક ઊર્જા સ્ત્રોતોને પણ સક્રિય કરી શકે છે.



તેમણે જણાવ્યુ હતુ કે, બોડીમાઇન્ડ ટેકનિકલ વ્યક્તિને તણાવ ઘટાડવા, આત્મવિશ્વાસ વધારવા અને સ્વસ્થ જીવન જીવવામા મદદરૂપ થાય છે. વધુમા તેમણે પ્રેક્ટિકલ એક્સરસાઈઝ અને ધ્યાન ટેકનિક્સ વિષે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના કો-ચેરમેન શ્રી નિકેત શાસ્ત્રીએ વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય શ્રી અજિતસિંહ સોહલે કાર્યક્રમનુ સંચાલન કર્યું હતુ. જ્યારે કમિટી સભ્ય શ્રી રહેમાન ખાને ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનુ સમાપન કર્યુ હતુ.



તથાસ્તુ વાઇબ્સના ફાઉન્ડર એન્ડ સીઇઓ સુશ્રી સાક્ષી પ્રેમ

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દેશની આઝાદીના ૭૯મા સ્વતંત્રતા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



## ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવવાની છે અને એના માટે દરેકે આર્થિક સૈનિક બનીને સિંહફાળો આપવાનો છે, હવે નવા સીમાચિહ્નો સર કરવાના છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે દેશની આઝાદીના ૭૯મા સ્વતંત્રતા દિવસના પર્વે સંહતિ, સરસાણા ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખૂબ જ ધામધૂમથી અને હર્ષોલ્લાસ સાથે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત સર્વેને સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવી હતી તથા દેશની આઝાદી માટે શહીદ થયેલા વીર જવાનો તેમજ વીરાંગનાઓને નતમસ્તક વંદન કર્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે આપણે આખા વિશ્વમાં વેપાર કરતા થયા એ આઝાદી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત પર લાદેલા ટેરિફનો જડબાતોડ જવાબ આપણે આપીશું. ભારતની તરફ નજર ઉઠાવનારના ઘરમાં ઘુસીને તેઓને મારીશું એવી દેશદાઝ જગાડવાની ભાવનાથી ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રભાત ફેરીની સાથે સાથે બાઇક રેલી પણ કાઢવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવવાની છે અને એના માટે દરેકે આર્થિક સૈનિક બનીને સિંહફાળો આપવાનો છે. હવે નવા સીમાચિહ્નો સર કરવાના છે. એક દિવસ પહેલાં જ ગુજરાતના ઉદ્યોગ મંત્રીએ ટેક્સટાઇલ પોલિસીની ગાઇડ લાઇન જાહેર કરી ટેક્સટાઇલ ઉદ્યોગને આર્થિક સલામતી આપી છે. એના માટે તેમણે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ દેશને આઝાદી અપાવવા પ્રાણોની આહુતિ આપનારા શહીદ જવાનોનો આભાર માની તેઓને વંદન કર્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ ધ્વજવંદન સમારોહનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓએ સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ટ્રમ્પ ટેરિફ વોર : ડીલ ઓર નો ડીલ – Why It Won't Matter Much for India' વિષે સેશન યોજાયું



## ટેક્ષ્ટાઇલ્સ, ડાયમંડસ અને કેમિકલ્સ જેવા ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવાની જરૂર છે, ભારત માટે યુરોપ, જાપાન, કોરિયા, લેટિન અમેરિકન દેશો અને આફ્રિકા એક્ષ્પોર્ટના દેશો બની શકે છે : ડૉ. એન્જીનિયર શ્રી સુનિલ પારેખ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, સરસાણા, સુરત ખાતે 'ટ્રમ્પ ટેરિફ વોર : ડીલ ઓર નો ડીલ – Why It Won't Matter Much for India' વિષે મહત્વનું સેશન યોજાયું હતું. જેમાં વક્તા તરીકે ડૉ. એન્જીનિયર શ્રી સુનિલ પારેખ (Chairman, CERC, Senior Strategy Advisor to Indian MNCs (Zydus Life Sciences & Jubilant Bhartia Group, Founding Curator, World Economic Forum (WEF) Geneva @ AGS) દ્વારા સરળ ભાષામાં જટિલ આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાની ખૂબ જ સારી રીતે સમજણ પૂરી પાડવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ ટેરિફ વોરનો સીધો અસરકારક પ્રભાવ ભારતમાં બહુ મોટો જોવા મળવાનો નથી. એટલે ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોએ આને સંકટ તરીકે નહીં, પરંતુ તક તરીકે જોવાની દિશામાં વિચારવું જોઇએ. આ ટુંકા ગાળાની ઉથલપાથલ હોવા છતાં ભારતની અર્થવ્યવસ્થા પોતાની આંતરિક માંગ અને મજબૂત આધારને કારણે સુરક્ષિત છે. એટલે ડીલ હોય કે ન હોય ભારત માટે તેની અસર મર્યાદિત જ રહેશે.

ડૉ. એન્જીનિયર શ્રી સુનિલ પારેખે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાંથી ૮૨૪.૯ બિલિયન યુએસ ડોલરનું કુલ એક્ષ્પોર્ટ થયું હતું. એમાં અમેરિકાનો હિસ્સો ૭૭.૫ બિલિયન યુએસ ડોલરનો હતો. ભારતના કુલ જીડીપીમાં એક્ષ્પોર્ટનો હિસ્સો તુલનાત્મક રીતે નાનો છે, તેથી લાંબા ગાળે અમેરિકાના ટ્રમ્પ ટેરિફ વોરના બહુ મોટા નકારાત્મક પરિણામો નહીં થાય એવી નિષ્ણાતોની માન્યતા છે. આ અઠવાડિયે S&P ગ્લોબલ રેટીંગે ભારતની ક્રેડિટ રેટિંગમાં એક સ્તરનો સુધારો કર્યો છે, જે દર્શાવે છે કે લાંબા ગાળે ભારતની વૃદ્ધિ ક્ષમતા મજબૂત છે તેમ છતાં વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્ય માટે ટ્રમ્પ ટેરિફ



## ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



## ડૉ. એન્જીનિયર શ્રી સુનિલ પારેખ

વોરની તાત્કાલિક અસરો ભારતના વૈશ્વિક વેપાર પર ખતરો ઉભો કરી શકે છે તેવી સંભાવના છે.

અમેરિકા માટે ભારતના મહત્વના એક્સ્પોર્ટ ઉત્પાદનોમાં ટેક્ષ્ટાઇલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ અને જેમ્સ એન્ડ જ્વેલરી જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી અમેરિકા એક્સ્પોર્ટ થતા મુખ્ય ઉત્પાદનોમાં ડાયમંડ્સ, ફાર્માસ્યુટિકલ્સ (અત્યારે મુક્ત), ઇન્સેક્ટિસાઇડ્સ, બેડલિનન, જ્વેલરી, ટાયર્સ, ઇલેક્ટ્રિકલ કેબલ્સ, પ્લાસ્ટિક અને કેમિકલ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

ગુજરાત માટે અમેરિકી બજાર મહત્વપૂર્ણ છે, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નવા બજારો તરફ ઝડપથી પ્રયત્ન કરવા જરૂરી છે. સેક્ટર વાઇઝ વાત કરીએ તો ફાર્મા, સેમિ કન્ડક્ટર્સ, એનર્જી અને ઇલેક્ટ્રોનિક્સ સેક્ટરોને હાલ મુક્તિ મળી છે. જેના કારણે આ સેક્ટર્સ માટે તાત્કાલિક જોખમ ઓછું છે. તેમ છતાં ટેક્ષ્ટાઇલ્સ, ડાયમંડ્સ અને કેમિકલ્સ જેવા ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવાની જરૂર છે. એના માટે યુરોપ, જાપાન, કોરિયા, લેટિન અમેરિકન દેશો અને આફ્રિકા ભારત માટે એક્સપોર્ટના દેશો બની શકે છે. બ્રિક્સ દેશો પણ વ્યાપાર સંતુલન માટે અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

ડૉ. એન્જીનિયર શ્રી સુનિલ પારેખે જણાવ્યું હતું કે, કેનેડા અને મેક્સિકોના કુલ નિકાસમાં અમેરિકા સૌથી મોટો હિસ્સો ધરાવે છે. કેનેડાના કુલ નિકાસમાંથી આશરે ૭૮% અને મેક્સિકોના કુલ નિકાસમાંથી આશરે ૮૦% નિકાસ ફક્ત અમેરિકા તરફ થાય છે. એટલે અમેરિકાના બજારમાં આ દેશોની નિકાસ ખૂબ જ નિર્ભર છે. બીજી તરફ, ચીનની કુલ નિકાસમાંથી અમેરિકા તરફની નિકાસનો હિસ્સો ૧૫%થી પણ ઓછો છે. એટલે જો અમેરિકા ચીન પર વધારાના ટેરિફ લગાવે તો તેની અસર તો પડશે, પરંતુ કેનેડા અને મેક્સિકોની સરખામણીએ ઓછો રહેશે. તેનું મુખ્ય કારણ એ છે કે ચીનની નિકાસના બજારો ઘણા વિસ્તૃત છે અને ઘણા દેશો સુધી પહોંચે છે.

જો અમેરિકા કેનેડા અને મેક્સિકોની નિકાસ પર ૨૫% જેટલો વધારાનો કસ્ટમ ટેરિફ લગાવે તો તેનો ગંભીર પ્રભાવ તેમના અર્થતંત્ર પર પડશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેનેડા, મેક્સિકો અને ચીન આ ત્રણેય દેશો હવે અમેરિકા સિવાયના નવા બજારો શોધવા પ્રયાસ કરી રહ્યા છે. ખાસ કરીને યુરોપિયન યુનિયનને નવો વિકલ્પ બનાવીને નિકાસનું સંતુલન જાળવવાની દિશામાં તેઓ આગળ વધી રહ્યા છે.

શ્રી પારેખે ટ્રમ્પ ટેરિફને કારણે જે પરિસ્થિતિ ઉદ્ભવી છે તેના સોલ્યુશન્સ તરીકે અને ઓપ્શન્સ તરીકે વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતા. જેમાં નેશનલ લેવલ પર, ચેમ્બરના લેવલે, કંપની લેવલ પર અને સીઇઓ લેવલ પર શું કરી શકાય તેની માહિતી આપી હતી. આ ઉપરાંત, જાપાન અને કોરિયા જેવા બાર ડેવલપ કન્ટ્રીનું સંગઠન છે કે જેમાં ચાઇના નથી. તેની સાથે ભારતે વહેલી તકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સાઇન કરવા જોઇએ તેમ જણાવ્યું હતું, જેથી કરીને ભારતથી એક્સપોર્ટને વધારી શકાય અને ટ્રમ્પ ટેરિફની વિપરીત અસરને નિવારી શકાય.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખો શ્રી રમેશ વઘાસિયા અને શ્રી ચરદચંદ્ર કાપડીયા તેમજ ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને એક્સપોર્ટરો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. એસજીસીસીઆઇ ગ્લોબલ કનેક્ટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણીએ વક્તાનો પરિચય આપ્યો હતો. ઉદ્યોગ સાહસિકો અને એક્સપોર્ટરોના વિવિધ સવાલોના વક્તાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

# ટેરિફ કી ઐસી કી તૈસી! તમે વેપાર પર ધ્યાન આપો!



## ચેમ્બરના ઉપક્રમે 'લોકલથી ગ્લોબલ-આયાત-નિકાસના રહસ્યો' ઉજાગર કરતો રસપ્રદ સેમિનાર યોજાયો, જેમાં અનુભવી નિકાસકાર અમિત મુલાનીએ ઘણી ટ્રિક્સ શીખવી

દક્ષિણ ગુજરાતના વેપારી સમુદાયને આંતરરાષ્ટ્રીય વેપારની એવી ટ્રિક્સ જાણવા ને સમજવા મળી ને સમજાયુ કે ગમે તે વિકટ સ્થિતિ હોય, કોઈ સરહદ ના ઈન્હે રોકે : ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરે સોમવાર તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફ્રોમ લોકલ ટુ ગ્લોબલ–અનલોક ધ સિક્રેટ્સ ઓફ એક્સપોર્ટ-ઇમ્પોર્ટ' શીર્ષક હેઠળ એક વિશિષ્ટ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ અત્યંત રસપ્રદ અને માહિતીસભર સત્રમાં નિકાસકારો, એમએસએમઈ, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને આંતરરાષ્ટ્રીય વેપારની દુનિયામાં

# દક્ષિણ ગુજરાતના વેપારી સમુદાયને આંતરરાષ્ટ્રીય વેપારની એવી ટ્રિક્સ જાણવા ને સમજવા મળી ને સમજાયું કે ગમે તે વિકટ સ્થિતિ હોય, કોઈ સરહદ ના ઈન્હે રોકે : ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી

પ્રવેશવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અનુભવી નિકાસકાર, આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત અને કોર્પોરેટ ટ્રેનર શ્રી અમિત મુલાનીએ આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે આંતરરાષ્ટ્રીય વેપારની આંટીઘૂંટીઓ શીખવી હતી. વ્યવહારુ ઉદાહરણો દ્વારા, શ્રી મુલાનીએ વૈશ્વિક વેપારની જટિલતાઓ પર પ્રકાશ પાડ્યો અને આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં સફળ થવા માટે ઓછી જાણીતી એવી વ્યૂહરચનાઓ છતી કરી હતી.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલ ટેરિફની ચિંતાઓ દૂર કરતા તેમણે કહ્યું કે તમારે એની ચિંતા કરવાની જરૂર નથી, એ સરકાર ફોડી લેશે, તમે વેપાર પર, ગુણવત્તા પર ધ્યાન આપો. સરસ ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે પુલવામા હુમલા બાદથી ભારત-પાકિસ્તાન વચ્ચેનો વેપાર સ્થગિત છે પણ ડેટા બતાવે છે કે પ્રતિબંધ હોવા છતાં આ વેપાર હજી ચાલુ જ છે. ઘણો વેપાર ત્રીજા દેશો ખાસ કરીને દુબઈ અને યુએઈ મારફત થાય અને ત્યાંથી એની ફરી નિકાસ કરવામાં આવે છે. મુદ્દો એ જ કે આ પાછલા બારણાનો વેપાર છે જે રાજદ્વારી અંતરાયો સામે પણ માર્કેટ ફોર્સની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. તેમણે ભાર મૂક્યો કે આવી વ્યૂહરચનામાં જોખમો ઘટાડવા માટે ભાગીદારોની ચોક્સાઈપૂર્વકની ચકાસણી અને આંતરરાષ્ટ્રીય નિયમનોનું પાલન જરૂરી બની રહે છે.

આ ઉદાહરણ દ્વારા અમેરિકી ટેરિફનો સામનો કેવી રીતે કરવો એ સમજાવતા શ્રી મુલાનીએ ભારતીય નિકાસકારો માટે ટેરિફની અસરોને ખાળવા અથવા ઘટાડવા માટે અસરકારક રીતો સમજાવી હતી.

આવી જ એક વ્યૂહરચના સમજાવતા તેમણે કહ્યું કે ફ્રન્ટલોડિંગ શિપમેન્ટ -ટેરિફ વધારો અમલમાં આવે તે પહેલા નિકાસને ઝડપી બનાવવી. જેમ કે એપ્રિલ અને જુલાઈ 2025 વચ્ચે યુ એસ માં ભારતીય નિકાસમાં 21 ટકાનો વધારો જોવા મળ્યો છે. અન્ય નવીન અભિગમમાં યુએસ ફોરેન ટ્રેડ ઝોન (એફટીઝેડ)નો લાભ લેવાનો સમાવેશ થાય છે, જ્યાં તાત્કાલિક ટેરિફ ચૂકવણી વિના માલનો સંગ્રહ, પ્રક્રિયા અથવા એસેમ્બલ કરી શકાય છે. ટ્રમ્પે ફાર્મા અને ઈલેક્ટ્રોનિક્સને ટેરિફથી બાકાત રાખ્યા એ જ બતાવે છે કે અમેરિકાને ભારતની ગરજ છે. વધુમાં મુલાનીએ યુ એસ ના ખરીદદારો સાથે દ્વિપક્ષીય સોદા, મુક્તિ અથવા ઘટાડા માટે સ્માર્ટ વાટાઘાટો, ઓછી ડ્યૂટી લાગે એ માટે ઉત્પાદનોમાં મૂલ્ય સંવર્ધન અને યુ એસ પર નિર્ભરતા ઘટાડવા માટે બજારોમાં વિવિધતા લાવવા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, આ પદ્ધતિઓથી સંભવિત 10-15% ટેરિફ વધારાને આરામથી પહોંચી વળી શકાય, એટલું જ નહીં પરંતુ વેપારની અનિશ્ચિતતા સામે લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા પણ મળે છે.

તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય વેપારના મુખ્ય રહસ્યોમાં ખર્ચાળ વિલંબને ટાળવા માટે કસ્ટમ્સ અને નિયમનકારી પાલનમાં નિપુણતા, વેપાર મેળાઓ અને ડિજિટલ સાધનો જેવા પ્લેટફોર્મ દ્વારા ચકાસાયેલ ખરીદદારો સાથે મજબૂત નેટવર્કનું નિર્માણ અને ચલણના વધઘટ અને જોખમો સામે રક્ષણ માટે મજબૂત નિકાસ આયોજનનો અમલ સામેલ છે.

શ્રી મુલાનીએ સમજાવ્યું કે આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્યક્ષમતા તુલનાત્મક લાભોમાંથી ઉદ્ભવે છે. તેમણે ઓછી જાણીતી વ્યૂહરચનાઓ પર પણ વાત કરી, જેમ કે શિપિંગમાં સ્પષ્ટ જવાબદારી માટે ઇન્કોટર્મ્સ (ઇન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સે નક્કી કરેલી શરતો)નો ઉપયોગ કરવો, સુરક્ષિત ચૂકવણીઓ માટે લેટર ઓફ ક્રેડિટ જેવા વેપાર નાણાકીય સાધનોનો ઉપયોગ કરવો અને પ્રેફરેન્શિયલ ટેરિફ મેળવવા માટે મુક્ત વેપાર કરારો (એફટીએ) પર સતત અપડેટ રહેવું.

આ સેમિનારમાં વાસ્તવિક વૈશ્વિક ખરીદદારોને ઓળખવાની અને ચકાસવાની રીતો, ભારતીય નિકાસકારોને ઉપલબ્ધ સરકારી પ્રોત્સાહનો અને નિકાસ લાભો સમજવા, કસ્ટમ્સ, શિપિંગ અને લોજિસ્ટિક્સ પડકારોને સફળતાથી પાર પાડવા અને ભારતીય ઉત્પાદનોની સતત વધતી વૈશ્વિક માંગને ઓળખવા જેવા મુદ્દાઓ પર રસપ્રદ છણાવટ કરવામાં આવી હતી.

આ સેમિનારની ફળશ્રુતિ અંગે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે ટેરિફની ચિંતાઓ વચ્ચે આ સેમિનારે નવા અને જૂના નિકાસકારોમાં નવું જોમ ભરવાનું કામ કર્યું છે.

બોર્ડર ફિલ્મના લોકપ્રિય ગીતની પંક્તિઓ ટાંકતા શ્રી મદ્રાસીએ કહ્યું કે સેમિનારમાં ભાગ લેનારાઓને સમજાયું કે ભલે ગમે તે થાય... પંછી નદીયાં પવન કે ઝોંકે અને વેપાર, કોઈ સરહદ ના ઈન્હે રોકે.

# ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' યોજાયો



## કોઈપણ વ્યક્તિનું ગ્રુમિંગ અને પ્રેઝન્ટેશન યોગ્ય હોય તો તેનાથી તેની પર્સનલ તથા પ્રોફેશનલ ઈમેજ મજબૂત બને છે: ઈમેજ અને આંતરરાષ્ટ્રીય એટીકવેટ કોચ શ્રીમતી અનિતા સિંઘ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા મંગળવારે તા. ૧૯ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે, ઝિનીથ બેન્કવેટ હોલ, પીપલોદ, સુરત ખાતે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં ઈમેજ અને આંતરરાષ્ટ્રીય એટીકવેટ કોચ શ્રીમતી અનિતા સિંઘે મહિલા ઉદ્યોગ સાહસિકોને ઈમેજ મેનેજમેન્ટ વિશે મહત્વની માહિતી આપી હતી.

શ્રીમતી અનિતા સિંઘે જણાવ્યું હતું કે, બિઝનેસમાં સફળતા મેળવવા માટે ઈમેજ મેનેજમેન્ટ ખૂબ જ જરૂરી છે. કોઈપણ વ્યક્તિનું ગ્રુમિંગ અને પ્રેઝન્ટેશન યોગ્ય હોય તો તેનાથી તેની પર્સનલ તથા પ્રોફેશનલ ઈમેજ મજબૂત બને છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વ્યક્તિએ શું પહેર્યું છે તે એટલું મહત્વનું નથી, પરંતુ તે કેવી રીતે પોતાનું પ્રેઝન્ટેશન કરે છે તે વધારે અસરકારક છે. જો તમારી પાસે ટ્રેઈન્ડ ટીમ હશે તો સારી રીતે સેલ્સ કરી શકશે અને યોગ્ય રીતે કસ્ટમર હેન્ડલ પણ કરી શકશે. તેમણે આગળ જણાવ્યું હતું કે, કસ્ટમર રિલેશન તથા સેલ્સ ટીમની સફળતા માટે પણ યોગ્ય ઈમેજ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રુપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈ, વુમન આંત્રપ્રિન્યોર સેલ (WEC) ના એડ્વાઈઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા અને સુશ્રી કૃતિકા શાહ તેમજ સેલના અન્ય મહિલા ઉદ્યોગ સાહસિક સભ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે સ્વાગત પ્રવચન કર્યું હતું જ્યારે WEC ના સભ્ય સુશ્રી વનિતા રાવતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. WEC ના સભ્ય શ્રીમતી પૂર્વી પચ્ચીગરે વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે, ઉપસ્થિત મહિલા ઉદ્યોગ સાહસિકોને મુંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રી દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. WEC ના સભ્ય શ્રીમતી દેવિકા કસારાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.



ઈમેજ અને આંતરરાષ્ટ્રીય એટીકવેટ કોચ
શ્રીમતી અનિતા સિંઘ

# ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિએ તેમના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે સુરત તથા ઉદ્યોગોની મુલાકાત લીધી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગા, તેમના ધર્મપત્ની, ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રીઓ માનનીય શ્રી રાજ મોદી (નાયબ મંત્રી- ઉદ્યોગ અને વાણિજ્ય) અને શ્રી ટોંગાઈ માફીદી મનાંગાગ્વા (નાયબ મંત્રી – પર્યટન અને આતિથ્ય સત્કાર), ઝિમ્બાબ્વેના એમ્બેસેડર માનનીય શ્રીમતી સ્ટેલા શ્રીમતી સ્ટેલા એનકોમી અને દેશના સચિવો સાથેનું પ્રતિનિધિમંડળ સુરતની મુલાકાતે પધાર્યું હતુ. આ મુલાકાતનો ઉદ્દેશ ઝિમ્બાબ્વે અને સુરતના ઔદ્યોગિક સમુદાય વચ્ચે વેપાર અને આર્થિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

**સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત:**

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સવારે આગમન વખતે ઉપરાષ્ટ્રપતિ શ્રી ચિવેંગા અને તેમના પ્રતિનિધિ





**ચેમ્બરના આમંત્રણને પગલે સુરત આવેલા ઉપરાષ્ટ્રપતિને મેયર, કલેક્ટર-પોલીસ કમિશનર અને ચેમ્બર પ્રમુખે આવકાર્યા**

# ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ હીરા-ટેક્સ્ટાઈલ એકમો અને સુમુલ ડેરીની મુલાકાતથી પ્રભાવિત












સંબોધન કરતી વખતે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

મંડળાનું ઉષ્માભર્યું ઔપચારિક સ્વાગત કરાયું હતું. સુરતના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહજી ગેહલોટ, સુરત જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધી અને એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને ખજાનચી CA મિતિષ મોદીએ તેમને આવકાર્યા હતા.

**પ્રથમ દિવસ: સુરતની ઔદ્યોગિક શક્તિનો પરિચય:**

તેમની મુલાકાતના પ્રથમ દિવસે ઉપરાષ્ટ્રપતિ શ્રી ચિવેન્ગાએ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત કાપડ, હીરા અને ડેરી ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને સુરતની સમૃદ્ધ ઔદ્યોગિક સ્થિતિનું અન્વેષણ કર્યું હતું. આ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ત્રણ મુખ્ય સંસ્થાઓની મુલાકાત લીધી હતી:

1. **હરેકૃષ્ણ એક્સપોર્ટ:** ઉપરાષ્ટ્રપતિએ ઉચ્ચ ગુણવત્તાવાળા હીરા કટીંગ, પોલિશિંગ અને નિકાસ-લક્ષી કામગીરી માટે પ્રખ્યાત અને હીરા ઉદ્યોગમાં અગ્રણી નામ હરેકૃષ્ણ એક્સપોર્ટ્સની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં શ્રી સવજીભાઈ ધોળકિયાએ રજૂઆત કરી કે તમે જે કંઈ તક આપશો એ ઝડપવા અમે તૈયાર છીએ. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ઝિમ્બાબ્વેમાં આપ સૌનું સ્વાગત કરવા અમે આતુર છીએ.

2. **ઐશ્વર્યા ડાઈંગ મિલ:** ઉપરાષ્ટ્રપતિ અને તેમના પ્રતિનિધિમંડળે કડોદરાની પ્રખ્યાત ઐશ્વર્યા ડાઈંગ મિલની મુલાકાત પણ લીધી અને સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ, મેન મેડ ફાયબર વિશે તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેમણે આ મિલના માલિક શ્રી રમેશભાઈ ડુમસિયા સાથે ચર્ચા કરી હતી.

3. **સુમુલ ડેરી:** ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ સુમુલ ડેરીની મુલાકાત દરમ્યાન દૂધ કલેક્શનથી લઈને વિતરણ સુધીની વ્યવસ્થાની માહિતી મેળવી અને સુમુલના સહકારી મૉડલ વિશે જાણીને આશ્ચર્યચકિત થયા હતા. તેમણે ડેરી ટેક્નોલોજીના આદાનપ્રદાનમાં પણ રસ દાખવ્યો હતો. આ મુલાકાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ–એનડીડીબીના ચેરમેન શ્રી મિનેષ શાહ, માજી ડિરેક્ટર તેમજ ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ અને સુમુલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરૂણ પુરોહિત તેમજ વહીવટદાર શ્રી એમ. આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિએ બીજા દિવસે એપીએમસી, એસઆરકે, વીર નર્મદ યુનિવર્સિટીની મુલાકાત લીધી



### ઝિમ્બાબ્વેમાં ખેતીના પાઈલટ પ્રોજેક્ટ માટે સુરતના ખેડૂતોને આમંત્રણ



# એપીએમસી મોડલથી પ્રભાવિત થઈ ઝિમ્બાબ્વેમાં એ લાગુ કરવાની ઈચ્છા

સુરતની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે ઝિમ્બાબ્વે પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ કોન્સ્ટાન્ટિનો ચિવેન્ગાએ તેમના પ્રતિનિધિમંડળ સાથે શહેરની ગતિશીલ ઔદ્યોગિક, કૃષિ અને શૈક્ષણિક ઇકોસિસ્ટમ્સનું અન્વેષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસ જી સી સી આઈ) દ્વારા આયોજિત આ મુલાકાતમાં નોંધપાત્ર રોકાણની સાથે સાથે સુરતના કૃષિ અને હીરા ક્ષેત્રો સાથે જોડાણ, ઝિમ્બાબ્વે અને સુરત વચ્ચે સંભવિત સહયોગ પર ચર્ચાઓને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ચેમ્બરના અન્ય પદાધિકારીઓ સાથે આ પ્રતિનિધિમંડળે સુરત એપીએમસી (કૃષિ પેદાશ બજાર સમિતિ)ની મુલાકાત લીધી હતી. ઉપરાષ્ટ્રપતિએ સુરત ખાતે પ્રચલિત કૃષિ વેપાર અને વ્યવસ્થાપનના અનન્ય મોડલનું ઊંડાણપૂર્વક અવલોકન કર્યું હતું. તેની કાર્યક્ષમતા, પારદર્શિતા અને ખેડૂત કેન્દ્રિત અભિગમથી ખૂબ જ પ્રભાવિત થઈને તેમણે ઝિમ્બાબ્વેમાં સુરત એપીએમસી મોડલ લાગુ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ માટે એપીએમસીની ઉચ્ચ સ્તરીય ટીમ ઝિમ્બાબ્વેના કૃષિ મંત્રાલય સાથે બેઠક કરે એવી ઈચ્છા વ્યક્ત કરી. તેમણે સુરત એપીએમસીને ઝિમ્બાબ્વેમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવા આમંત્રણ આપ્યું હતું, જ્યાં તેઓ પ્રદર્શન પ્રોજેક્ટ તરીકે બહુવિધ પાકોની ખેતી કરવા માટે 6 થી 7 એકર જમીન જુદા જુદા પ્લોટ પાડીને ફાળવવાનો ઇરાદો ધરાવે છે. એપીએમસીના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈ, એપીએમસીના સીઈઓ શ્રી નિલેશભાઈ થોરાટ અને અન્ય અધિકારીઓ સાથે વિગતે ચર્ચા કરીને ફૂડ પ્રોસેસિંગ અને કૃષિમાં વેલ્યુ એડિશન પર કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરીને આ માટે પણ એપીએમસીનો સહયોગ માગ્યો હતો.

વાઇસ પ્રેસિડેન્ટ ચિવેન્ગા એસ જી સી સી આઈ ના સહયોગથી એસ આર કે એક્સપોર્ટ્સ દ્વારા હાથ ધરવામાં આવેલી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સી એસ આર) પહેલથી પ્રભાવિત થયા હતા. તેમણે રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા સાથે પણ ચર્ચા કરી હતી, જેમણે સુરતના હીરા ઉદ્યોગને ઝિમ્બાબ્વેમાં ફેક્ટરીની સ્થાપના કરવાનું પણ આમંત્રણ આપ્યું હતું.

વી એન એસ જી યુ ની મુલાકાત દરમ્યાન આ પ્રતિનિધિમંડળને યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમો, સંશોધન પહેલ અને પ્રદેશમાં નવીનતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં તેની ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાષ્ટ્રપતિએ ઝિમ્બાબ્વેની સંસ્થાઓ અને સુરતના શૈક્ષણિક સમુદાય વચ્ચે ભવિષ્યના આદાનપ્રદાન, વિદ્યાર્થી-વિદ્યાર્થી જોડાણની નેમ વ્યક્ત કરી.



# શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટમાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા સાથે ચર્ચા

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ બે દિવસના કાર્યક્રમોના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિની ટેક્સ્ટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, વીએનએસજીયુ સુરત એ પી એમ સી ની મુલાકાતો શિક્ષણ, કૃષિ તેમજ ટેક્સ્ટાઈલ અને હીરા ઉદ્યોગમાં અસરકારક સહયોગની સંભાવનાને રેખાંકિત કરે છે. અમે સુરતના મોડલ્સનું અનુકરણ કરવામાં તેમની રુચિથી સન્માનિત છીએ અને ટકાઉ વિકાસ માટે ઝિમ્બાબ્વેના વિઝનને ટેકો આપવા માટે આતુર છીએ.

આ મુલાકાતમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી જોડાયા હતા.



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલ ખાતે 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમ યોજાયો



## ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગાએ સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સની સાથે સીધો સંવાદ સાધ્યો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગા, તેમના ધર્મપત્ની, ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી શ્રી રાજ મોદી (નાયબ મંત્રી– ઉદ્યોગ અને વાણિજ્ય) અને શ્રી ટીંગાઈ માફીદી મનાંગાગ્વા (નાયબ મંત્રી – પર્યટન અને આતિથ્ય સત્કાર); ઝિમ્બાબ્વેના માનનીય એમ્બેસેડર શ્રીમતી સ્ટેલા એનકોમો અને ટીમના સચિવો સાથેનું સુરત પધારેલ પ્રતિનિધિમંડળ તા. ૨૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યું હતું, જેમાં ઝિમ્બાબ્વેના વાઈસ પ્રેસિડેન્ટે સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સની સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ૧૯૮૦ થી વેપાર અને સહકારના ઐતિહાસિક સંબંધો છે.



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગા



ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી રાજ મોદી



ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી ટોંગાઈ માફીદી મનાંગાગ્વા



બારડોલીના સાંસદ શ્રી પરભુભાઈ વસાવા

# ઝિમ્બાબ્વેમાં માઈનિંગ અને મિનરલ, વેલ્યુ એડિશન, ઊર્જા અને રિન્યુએબલ, ટેક્ષ્ટાઈલ, એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ, ટુરિઝમ ક્ષેત્રે રોકાણની વિશાળ તકો રહેલી છે

હાલમાં ભારત-ઝિમ્બાબ્વે વચ્ચેનો વેપાર યુ.એસ. ડોલર ૧૫૦ થી ૨૦૦ મિલિયન જેટલો છે. ૨૦૨૩માં માત્ર ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાં જ ભારતે યુ.એસ. ડોલર ૬૨ મિલિયનનો નિકાસ ઝિમ્બાબ્વે તરફ કર્યો છે. ITEC પ્રોગ્રામ અને ICCR સ્કોલરશિપ દ્વારા ભારત ઝિમ્બાબ્વેને તાલીમ અને શિક્ષણક્ષેત્રે સતત સહાય પૂરી પાડે છે.

ભારત એ ઝિમ્બાબ્વેમાં યુ.એસ. ડોલર યુ.એસ.ડોલર ૭૫ મિલિયનની ગ્રાન્ટ હેઠળ ૧૭ ઈન્ડો-ઝિમ ટેક્નોલોજી સેન્ટર્સ સ્થાપ્યા છે, જે SME અને વ્યાવસાયિક તાલીમ માટે અદ્યતન સાધનો અને સુવિધાઓ પૂરી પાડે છે. ૨૦૨૪ મા ભારતે ઝિમ્બાબ્વેથી યુ.એસ. ડોલર ૪૬.૬ મિલિયનનો તમાકુ, યુ.એસ. ડોલર ૯.૩ મિલિયનનો લોહ-સ્ટીલ અને યુ.એસ. ડોલર ૮૭.૪ મિલિયનના મોતી, રત્નો અને કિમતી પથ્થરોની આયાત કરી છે, જે સીધી સુરતના હીરા-જ્વેલરી ઉદ્યોગ તેમજ કૃષિ પ્રોસેસિંગ અને એન્જિનિયરિંગ ક્ષેત્રોને પૂરક છે.'

ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગાએ જણાવ્યુ હતુ કે, 'ભારત અને ઝિમ્બાબ્વેના આર્થિક સબંધોમા ઐતિહાસિક મોરચે મહત્વપૂર્ણ છે. ઝિમ્બાબ્વે Vision 2030 અંતર્ગત અપર-મિડલ-ઈનકમવાળુ અર્થતંત્ર બનવા માટે પ્રતિબદ્ધ છે. કુદરતી સંસાધનોની સમૃદ્ધિ, યુવા તથા કુશળ માનવબળ અને પ્રાદેશિક બજારોમા પ્રાથમિક પ્રવેશ સાથે ઝિમ્બાબ્વે આકર્ષક રોકાણ સ્થળ છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેના સબંધો પરસ્પર સન્માન અને સંયુક્ત સમૃદ્ધિના પાયા ઉપર વર્ષોથી ટકેલા છે. આજે અમે આ સબંધોને વધુ ઊંચા સ્તરે લઈ જવા માગીએ છીએ, જે મોટા રોકાણો, અદ્યતન ટેક્નોલોજી અને બંને દેશોને મૂલ્ય આપતા વ્યાપાર મોડલો દ્વારા નિર્ધારિત થાય.

દક્ષિણ આફ્રિકાના મધ્યસ્થાનમા સ્થિત ઝિમ્બાબ્વે, ઝડપથી વિકસતી લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરિયાનો કુદરતી પ્રવેશદ્વાર છે. જે ૧.૪ અબજ લોકો અને યુ.એસ. ડોલર ૩.૪ ટ્રિલિયનથી વધુ GDP ધરાવતુ એકીકૃત બજાર છે. હાલમા ૨૫ થી વધુ ભારતીય કંપનીઓ ઝિમ્બાબ્વેમા સફળતાપૂર્વક કાર્યરત છે, જેમા Surface Wilmar Investments અને Varun Beveragesનો સમાવેશ થાય છે.

તેમણે રોકાણની તકો વિશે જણાવતા કહ્યુ હતુ કે, ઝિમ્બાબ્વે પ્રીમિયમ કપાસનુ ઉત્પાદન કરે છે, તેથી ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે ભાગીદારી કરીને વૈશ્વિક બજારોમા નવા દ્વાર ખોલી શકાય. સાથે જ માઈનિંગ અને મિનરલ વેલ્યુ એડિશનમા લિથિયમ, સોનુ, પ્લેટિનમ, હીરા સહિત ૬૦થી વધુ ખનિજો, લિથિયમ બેટરી, મિનરલ પ્રોસેસિંગ અને ડાયમંડ કટિંગ-પોલિશિંગમા વિશાળ સંભાવનાઓ રહેલી છે, જ્યારે ઊર્જા અને રિન્યુએબલ્સ ક્ષેત્રે સોલાર, હાઈડ્રો અને બાયોમાસ પ્રોજેક્ટમા રોકાણની વિશાળ તકો રહેલી છે. ઝિમ્બાબ્વે MICE ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રિકેટ સ્ટેડિયમોમા રોકાણ કરવા માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કર્યા હતા.

ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી રાજ મોદીએ



જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વે રોકાણકારો માટે એક સુરક્ષિત દેશ છે. ભારતીય રોકાણકારો કોઈપણ પ્રકારના ભય વિના ઝિમ્બાબ્વે રોકાણ કરી પોતાના વ્યવસાયનો વ્યાપ વધુ વધારી શકે છે. રોકાણકારોને ઈઝી ટુ બિઝનેસની અનેક પ્રકારની સવલતો ઝિમ્બાબ્વેમા આપવામા આવે છે. દક્ષિણ ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સના ઉદ્યોગ સાહસિકો સમક્ષ ઝિમ્બાબ્વેના ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે રોકાણ કરવાની અને ઝિમ્બાબ્વેના આ ઉદ્યોગના આધુનિકીકરણ માટેની વિશેષ તકો રહેલી છે.

ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી ટેંગાઈ માફીદી મનાગાગ્વાએ જણાવ્યું હતું કે, 'ઝિમ્બાબ્વે પર્યટનનો અનુભવ લેવા માટે એક સુંદર સ્થળ છે. દેશમા વિશ્વપ્રસિદ્ધ વિક્ટોરિયા ફોલ્સ સહિત અનેક આકર્ષણો અને વાઈલ્ડ લાઈફ છે. ઉપજાઉ જમીન અને પૂરતા જળ સ્ત્રોતો સાથે ઝિમ્બાબ્વે ભવિષ્યમા આફ્રિકાનું ફૂડ બની શકે છે. પ્લાસ્ટિક વેસ્ટ રીસાયક્લિંગ અને પર્યાવરણીય ટકાઉ પ્રોજેક્ટ્સનું નિર્માણ કરીને ભારતીય ઉદ્યોગકારો પોતાના વ્યવસાયનો વ્યાપ વધારી શકે છે. સાથે જ AI,ICT,સ્ટાર્ટઅપ્સ અને R&Dમા ભારતના સહકાર દ્વારા આફ્રિકન ટેક હબ બનવાનું લક્ષ્ય ઝિમ્બાબ્વે રાખે છે.'

બારડોલીના સાંસદ માનનીય શ્રી પરભુભાઈ વસાવાએ આ પ્રસંગે ભારત અને ઝિમ્બાબ્વે સુમેળ સંબંધો વિશે ચર્ચા કરી હતી. તેમણે સુરતને ભારતનું એક મહત્વનું ઔદ્યોગિક શહેર અને મિની ભારત તરીકેની ઓળખ ઝિમ્બાબ્વેના પ્રતિનિધિમંડળને કરાવી હતી.

સુરત શહેરના પોલિસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત, ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ, દક્ષિણ ગુજરાતના વિવિધ એસોસિએશનના હોદ્દેદારો, સુરતના અગ્રણી ઉદ્યોગ સાહસિકો અને ચેમ્બરના સભ્યો કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી, જ્યારે ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રીમતી જિજ્ઞા શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિત ઉદ્યોગકારોના બિઝનેસ સંબંધિત તમામ પ્રશ્નોના જવાબ ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગાએ આપ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# 'એઆઇ મેઇડ સિમ્પલ' વિષય પર સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'એઆઇ મેઇડ સિમ્પલ' વિષય પર સેશન યોજાયુ હતુ, જેમા પેરિસની એઆઇ એન્ડ ડેટા ફોર બિઝનેસ એન્ડ સોસાયટી સ્કૂલના પ્રોફેસર અમોદ ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. એઆઇ.ટીટી કમિટીના સભ્ય શ્રી નિરવ ચાહવાલાએ ઉદ્યોગ સાહસિકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગેના સેશન દ્વારા સભ્યોને આધુનિક ટેકનોલોજી અંગે અપડેટ રહેવાની તક મળે છે, જેનાથી તેઓ પોતાના વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે.

પેરીસની એઆઇ એન્ડ ડેટા ફોર બિઝનેસ એન્ડ સોસાયટી સ્કૂલના આઇવેન્સિટી પ્રોફેસર અમોદ ભટ્ટે એઆઇના વ્યાપક ઉપયોગ, ભવિષ્યની દિશા અને ઉદ્યોગોને કેવી રીતે આ તકનો લાભ લઈને નવી ઊંચાઈ પર લઈ જઈ શકાય તે અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે ઉદ્યોગ સાહસિકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની કામગીરી, વ્યવસાયમા તેનો



પ્રોફેસર અમોદ ભટ્ટ



શ્રી નિરવ ચાહવાલા

પ્રયોગ અને તેના લાભો વિશે વિગતવાર માહિતી આપી હતી.

એઆઈડીટી કમિટીના સભ્ય શ્રી નિરવ ચાહવાલાએ જણાવ્યુ હતુ કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માત્ર ટેક્નોલોજીનો વિષય નથી, પરંતુ તે ઉદ્યોગ સાહસિકોને તેમના વ્યવસાયને વધુ સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ બનાવવા માટે મહત્વપૂર્ણ સાધન બની શકે છે. તેમણે કેસ સ્ટડીઝ અને પ્રેઝન્ટેશન દ્વારા વ્યવસાયિકોને સરળ ભાષામા સમજણ આપી હતી. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વ્યાપાર તથા ઉદ્યોગ ક્ષેત્રમા ઉપયોગિતા, તેને કારણે કાર્યક્ષમતામાં થતો વધારો તેમજ ભવિષ્યમા ઉભી થનારી નવી તકો વિશે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેશનમા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કમિટીના ચેરપર્સન ડો. વંદના શાહે વક્તાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય શ્રી તેજલ દેસાઈએ સેશનનુ સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિશ મોદી, ગ્રુપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા, ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ સેશનમા હાજર રહ્યા હતા.

# એસ.બી.સી. 1.0 & 2.0 સંયુક્ત બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગનું સફળતાપૂર્વક આયોજન, બિઝનેસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ પર રસપ્રદ ગોષ્ઠિ યોજાઈ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેક્ટ દ્વારા ગુરૂવાર, 21મી ઓગસ્ટ, 2025ના રોજ સેમિનાર હોલ એ, સરસાણા, સુરત ખાતે એસ.બી.સી. 1.0 અને 2.0 સંયુક્ત બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગ વિથ એક્સપર્ટ ટોકનુ સફળતાપૂર્વક આયોજન કર્યુ હતુ.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે, ચેમ્બર હંમેશા એવા અર્થપૂર્ણ મંચના નિર્માણમા માને છે, જ્યા બિઝનેસ અને જ્ઞાનનો સમન્વય થાય. આજે એઆઈનો જમાનો છે અને બિઝનેસમા એઆઈના ઉપયોગ અંગેનો આ કાર્યક્રમ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને બહુ ઉપયોગી બની રહેશે. સોફ્ટવેરની જેમ, દરેક બિઝનેસે આજે નહી તો કાલે, એઆઈનો ઉપયોગ



**ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

અપનાવવો જ પડશે.

"બિઝનેસમાં એઆઈનો ઉપયોગ" વિષય પર શ્રી ભૌતિકકુમાર વઘાસિયાનું નિષ્ણાત પ્રવચન આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પોતાનો દ્રષ્ટિકોણ શેર કરતા તેમણે કહ્યું હતું કે "આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે ભવિષ્યનો ટ્રેન્ડ નથી, તે આજની બિઝનેસની વાસ્તવિકતા છે. જેઓ એઆઈને સ્વીકારશે તેઓ માત્ર કામગીરીને શ્રેષ્ઠ બનાવશે એટલું જ નહી પરંતુ નવીનતા અને સ્પર્ધાત્મકતાના નવા માર્ગો પણ ખોલશે. શ્રી વઘાસિયાએ સેશનને જીવંત અને ઇન્ટરએક્ટિવ બનાવતા આ વિષય પર પૂછાયેલા સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.




**શ્રી ભૌતિકકુમાર વઘાસિયા**

એસજીસીસીઆઈ બિઝનેસ કનેક્ટના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ વક્તા શ્રી ભૌતિકકુમારનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તેમણે આગામી 2 મિટીંગમાં આયોજનની વિગતો જાહેર કરી હતી. એસબીસીના કો – ચેરમેનો શ્રી કેતન શાહ અને શ્રી વિશાલ બક્ષીએ સભ્યોનું 25 સેકન્ડનું અસરકારક પ્રેઝન્ટેશનનું સંચાલન કર્યું હતું.

આ મિટીંગમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલા, એસબીસી કમિટીના એડવાઇઝર્સ શ્રી ચિરાગ દેસાઇ અને સુશ્રી સ્નેહા જરીવાલા તથા સભ્યો ઉપસ્થિત રહયા હતા. એસબીસીના સભ્ય સુશ્રી અંકિતા વાલંદ આભારવિધિ કરી હતી.

# ચેમ્બર દ્વારા નિર્યાત બંધુ સ્કીમ અંતર્ગત India's FTAs & International Marketing & Export Opportunities through Sub Contracting વિષે સેમિનાર યોજાયો





**વડોદરાના ફોરેન ટ્રેડના જોઈન્ટ ડિરેક્ટર જનરલ શ્રી અનુપમ કુમાર**




**EEPC ઈન્ડિયાના રિજીયોનલ ડિરેક્ટર શ્રી સી.એચ. નદીગર**



**EEPC ઈન્ડિયાના રિજીયોનલ ડિરેક્ટર શ્રી સી.એચ. નદીગર**



**IDFC બેંક લિમિટેડના શ્રી અભિમન્યુ શર્મા**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. રર ઓગષ્ટ, ર૦રપના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, સરસાણા, સુરત ખાતે નિર્યાત બંધુ સ્કીમ અંતર્ગત India's FTAs & International Marketing & Export Opportunities through Sub Contracting વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં વડોદરાના ફોરેન ટ્રેડના જોઈન્ટ ડિરેક્ટર જનરલ શ્રી અનુપમ કુમાર અને EEPC ઈન્ડિયાના ડેપ્યુટી ચેરમેન શ્રી રોહિન્ગ્ટોન એન્જીનિયરે ભારતના ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ્સ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

વડોદરાના ફોરેન ટ્રેડના જોઈન્ટ ડિરેક્ટર જનરલ શ્રી અનુપમ કુમારે ભારતના ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ્સ અંગે માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે જણાવ્યું કે, ભારતના વિવિધ ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ્સ ઉદ્યોગ જગતને વૈશ્વિક બજારોમાં પ્રવેશ કરવાની તક આપે છે. તેમણે ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ્સને કારણે ઉદ્યોગ સાહસિકોને થનારા લાભો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

EEPC ઈન્ડિયાના ડેપ્યુટી ચેરમેન શ્રી રોહિન્ગ્ટોન એન્જિનિયરે ભારતીય ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ અને સબ કોન્ટ્રાક્ટીંગ માધ્યમથી નિકાસ વિસ્તરણ માટેની વિવિધ તકો અને પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વૈશ્વિક બજારમાં શ્રેષ્ઠ પ્રેક્ટિસ અને એક્સપોર્ટરો માટે રહેલી તકો વિષે સમજણ આપી હતી.

સિમ્પલસ એક્ઝીમ એન્ડ કોર્પોરેટ એડવાઈઝરીના ડિરેક્ટર તેમજ લીડ એડવાઈઝર શ્રી આનંદ મિરાનીએ ઈન્ટરનેશનલ માર્કેટીંગ ઈન ઈન્ડિયન કોન્ટેક્ષ્ટ વિષે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ઈસીજીસી લિમિટેડ સુરતના બ્રાન્ચ મેનેજર શ્રી સૌરભ જૈને મેનેજિંગ ક્રેડિટ રિસ્ક – એક્સપ્લોરિંગ માર્કેટ્સ એક્સપાન્ડીંગ બિઝનેસ વિષે જાણકારી આપી હતી. EEPC ઈન્ડિયાના રિજીયોનલ ડિરેક્ટર શ્રી સી.એચ. નદીગરે સબ કોન્ટ્રાક્ટીંગ થકી એક્સપોર્ટની તકો વિષે પ્રેઝન્ટેશન આપ્યું હતું. જ્યારે આઈડીએફસી બેંક લિમિટેડના શ્રી અભિમન્યુ શર્માએ એક્સપોર્ટરો માટે બેન્કીંગ સુવિધા વિષે માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, આ સેમિનાર દ્વારા ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને વૈશ્વિક બજારની નવી તકો અને એક્સપોર્ટ ક્ષેત્રે નવી ટેકનોલોજી અંગેની વિસ્તૃત જાણકારી મેળવવાની તક મળી છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને India's FTAs દ્વારા લાભ લેવા અને સબ કોન્ટ્રાક્ટીંગ માધ્યમથી આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ ક્ષેત્રે પોતાના વ્યવસાયને આગળ વધારવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી મયંક દલાલ, ઉદ્યોગ સાહસિકો અને એક્સપોર્ટરો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. EEPC ઈન્ડિયાના સિનિયર ડેપ્યુટી ડિરેક્ટર શ્રી સુધાકરન નાયરે ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશન સાથે મળીને પ્લેટિનમ હોલ ખાતે 'લિગલ કોન્કલેવ- ૨૦૨૫' યોજાઈ



## સુરત એક વાઈબ્રન્ટ ડેસ્ટિનેશન તરીકે સમગ્ર દેશમાં પ્રખ્યાત છે, લોકોને કોર્ટ ઉપર વિશ્વાસ છે પણ વિલંબના કારણે તેઓ વિડંબના અનુભવે છે:

## ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટિસ સુશ્રી સુનિતા અગ્રવાલ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસીએશનની સાથે મળીને શનિવાર, તા. ર૩ ઓગષ્ટ ર૦ર૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'લિગલ કોન્કલેવ- ર૦ર૫' યોજાઈ હતી, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટિસ સુશ્રી સુનિતા અગ્રવાલે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો, એડવોકેટ્સ અને વકીલાતનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'વ્યવસાય માટે કાયદો માત્ર કોમ્પ્લાયન્સનો વિષય નથી, તે વિશ્વાસની પાયાની ઈંટ છે. કેસો પેન્ડિંગ રહે ત્યારે અથવા કોન્ટ્રાક્ટ અમલમાં આવવા વર્ષો લાગે ત્યારે તે માત્ર કાનૂની વિલંબ નથી, પણ આર્થિક ખર્ચ પણ છે. આજે ગુજરાતમાં હાઈકોર્ટમાં ૧,૭૦,૦૦૦ થી વધુ કેસો પેન્ડિંગ છે અને જિલ્લા તથા સબોર્ડિનેટ કોર્ટમાં લગભગ ૧૭, ૦૦, ૦૦૦ કેસો પેન્ડિંગ છે. ફેમિલી કોર્ટમાં જ ૫૦,૦૦૦ થી વધુ કેસો બાકી છે. દરેક વિલંબ પરિવારો, વ્યવસાયો અને સમગ્ર સમાજને અસર કરે છે.

આ આંકડા આપણે યાદ અપાવે છે કે કોમર્શિયલ કોર્ટો, આર્બિટ્રેશન અને મેડિએશન માત્ર ટેક્નિકલ શબ્દો નથી, પરંતુ તે ગુજરાત જેવી ઝડપી ગતિએ ચાલતી અર્થવ્યવસ્થા માટે અત્યંત જરૂરી છે. સશક્ત અર્થવ્યવસ્થા એવા કાનૂની તંત્ર પર



ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટિસ સુશ્રી સુનિતા અગ્રવાલ



ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ શ્રી પ્રણવ ત્રિવેદી



ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ શ્રી ડી.એન રાય

આધારિત છે, જ્યા વિવાદો ન્યાયસંગત, કાર્યક્ષમ અને નિશ્ચિત રીતે ઉકેલાય છે.'

હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલે જણાવ્યુ હતુ કે, 'સુરત એક વાઈબ્રન્ટ ડેસ્ટિનેશન તરીકે સમગ્ર દેશમા પ્રખ્યાત છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા લોકોને ન્યાય માટે કોર્ટ સુધી ન આવવુ પડે કોર્ટ લોકો સુધી પહોંચે તે હેતુથી ADR (Alternative Dispute Resolution) થી કાર્ય કરવામા આવે છે. લોકોને કોર્ટ ઉપર વિશ્વાસ છે પણ વિલંબના કારણે તેઓ વિડંબના અનુભવે છે. ગુજરાતમા મોટા પાયે દેશી અને વિદેશી રોકાણકારો રોકાણ કરે છે. કોમર્શિયલ કોર્ટ્સ રોકાણકારોમા વિશ્વાસ ઊભો કરે છે કે તેમની મૂડી અને કરાર સંબંધિત અધિકારોને કાયદેસર સુરક્ષા મળશે.

ઉદ્યોગ જગતમા કરારોના ભંગ, ચૂકવણીમા વિલંબ, કંપની વચ્ચેના વેપારી વિવાદો ઝડપથી ઉકેલાઈ શકે છે, જેથી ઉદ્યોગપતિઓનો સમય અને ખર્ચ બંને બચી શકે છે. ગુજરાતના બિઝનેસ હબ જેવા કે સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમા કોમર્શિયલ કોર્ટ્સ કાર્યરત હોવાને કારણે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બિઝનેસને મજબૂત આધાર મળે છે.'

તેમણે વધુમા જણાવ્યુ હતુ કે, 'ગુજરાતમા આર્બિટ્રેશનમા કેસોનો નિકાલ આવવાનો દર ૫૫% છે. નાના-નાના કેસોમા આંતરિક સંવાદથી સમાધાન નહી આવે તો કોર્ટ સુધી આવવાના બદલે નાગરિકો મીડિએટર થકી ન્યાય મેળવી શકે છે. રાજ્યમા ૯૬ એડવોકેટ્સને મીડિએટર તરીકેની તાલીમ પ્રદાન કર્યા બાદ તેઓ રાજ્યના વિવિધ વિસ્તારોમા મીડિએટરની ભૂમિકા પ્રદાન કરી લોકોને સમયસર ન્યાય મળે તે માટે કાર્ય કરી રહ્યા છે. ગુજરાતની પ્રજા માટે બે વસ્તુઓ જીવનમા સૌથી મહત્વની છે. પ્રથમ પરિવાર અને બીજુ બિઝનેસ.'

ટેકનિકલ સેશનમા ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ શ્રી પ્રણવ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે, 'કોર્ટમા લાંબી લડાઈ કર્યા વિના ન્યાય મેળવવાનો સરળ રસ્તો એટલે ADR. બિઝનેસમા જો કોઈ વિવાદમા વર્ષો સુધી ન્યાય નહી મળે તો નુકસાન થાય. તેથી જો બિઝનેસ કોમ્યુનિટી ADR ને સપોર્ટ કરશે તો ન્યાય પ્રક્રિયા નિશ્ચિત જ ઝડપી બનશે. આર્બિટ્રેશન ઓછી ખર્ચાળ પ્રક્રિયા છે, તેથી સમયની પણ બચત થાય છે. સાથે જ ગોપનિયતા તથા બંનેના તકરારીઓના સંબંધોમા સુમેળતા જળવાઈ રહે છે.'

ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ શ્રી ડી.એન રાયે જણાવ્યુ હતુ કે, દેશમા વર્ષ ૨૦૦૧ ડિસ્ટ્રિક્ટ કોર્ટમા લગભગ બે કરોડ કેસો પેન્ડીંગ હતા. હાલમા આશરે ૦૪ કરોડ ૭૨ લાખ કેસો પેન્ડિંગ છે. આ કેસોનુ ઝડપી નિરાકરણ લાવવામા ADR મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમણે મીડિયેશનની પ્રક્રિયા વિશે વિસ્તૃતમા માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કોન્ક્લેવનુ સંચાલન કર્યુ હતુ. ચેમ્બરની લો એન્ડ કોમ્પ્લાયન્સ કમિટીના એડવાઈઝર એડવોકેટ મનિષ ગાંધીએ વક્તાનો પરિચય આપ્યો હતો તેમજ લો એન્ડ કોમ્પ્લાયન્સ કમિટીના ચેરમેન શ્રી અજય મહેતાએ કાર્યક્રમની રૂપરેખા માહિતી આપી હતી. અંતે, ઉપસ્થિતોને મૂંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ ન્યાયાધીશો દ્વારા આપવામા આવ્યા હતા. ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો અને ત્યાર બાદ સેમિનારનુ સમાપન થયુ હતુ.



# ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત પેરેન્ટીંગ પર વર્કશોપ યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પેરેન્ટીંગ પર વર્કશોપ યોજાયો હતો, જેમાં ડૉ. સ્વાતિ વિંચુરકર, ડૉ. દીપા પટેલ અને ડૉ. કેતન ભરડવાએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સમાજોપયોગી વિવિધ વિષયો પર વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. પેરેન્ટીંગ જેવા વિષય પર નિષ્ણાતો દ્વારા અપાતું માર્ગદર્શન નિશ્ચિતપણે માતા-પિતાને ઉપયોગી સાબિત થાય છે અને તેના થકી સમાજ માટે યોગ્ય નાગરિકનું ઘડતર થશે.

ડૉ. સ્વાતિ વિંચુરકરે Balanced Parenting અંગે સમજણ આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે માતા-પિતાનું સંતુલિત વર્તન અત્યંત આવશ્યક છે. સંતાન પર અતિશય દબાણ કરવાને બદલે તેમને પ્રોત્સાહિત કરીને તેમની ક્ષમતાઓ બહાર લાવવી જોઈએ.



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



ડૉ. સ્વાતિ વિંચુરકર



ડૉ. દીપા પટેલ



ડૉ. કેતન ભરડવા

ડૉ. દીપા પંઠકે Adolescent Parenting અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કિશોરાવસ્થાના બાળકો સાથે વ્યવહાર કરતા સમયે માતા-પિતાએ વિશેષ સંવેદનશીલતા દાખવવી જરૂરી છે. આ ઉંમરે બાળકોમાં શારીરિક તથા માનસિક પરિવર્તનો ઝડપી ગતિએ થતા હોવાથી તેમને સમજવા, યોગ્ય માર્ગદર્શન આપવા અને મિત્રતાપૂર્ણ વાતાવરણ પૂરું પાડવું આવશ્યક છે.

ડૉ. કેતન ભરડવાએ Media Literacy & Food Literacy અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકો મીડિયા દ્વારા ઘણી માહિતી મેળવતા હોય છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ જરૂરી છે. માતા-પિતાએ બાળકોને સાચા-ખોટા માહિતી સ્ત્રોત વચ્ચે તફાવત સમજાવવા સાથે તેમને સંતુલિત અને પૌષ્ટિક આહાર પ્રત્યે પ્રોત્સાહિત કરવું જોઈએ. ખોરાકની આદતો અને મીડિયાના પ્રભાવનો તેમના શારીરિક તથા માનસિક વિકાસ પર સીધો અસરકારક પ્રભાવ પડે છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ વર્કશોપનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ વર્કશોપમાં હાજર રહેલા વાલીઓએ પ્રશ્નોત્તરી દ્વારા નિષ્ણાતો પાસેથી પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સના લેડીઝ વિંગ દ્વારા 'સ્ટે સેફ ઓનલાઈન: સાયબર અવેરનેસ ફોર વુમન એન્ડ સીનિયર સિટીઝન્સ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું





ચેમ્બરના ઉપ પ્રમુખ
શ્રી અશોક જીરાવાલા



સુરત સાયબર ક્રાઈમ
વિભાગના ACP
સુશ્રી શ્વેતા ડેનિયલ્સ



સુરત સિટી સાયબર
ક્રાઈમ સેલના PI
શ્રી ડી.વી. ગામિત

## વર્ષ ૨૦૨૪માં સુરતમાં સાઈબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા હતા, જેમાં સુરતીઓએ આશરે રૂ. ૧૭૦ કરોડ ગુમાવ્યાઃ સુરત સિટી સાયબર ક્રાઈમ સેલના પોલિસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.વી. ગામિત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડિઝ વિંગ દ્વારા સોમવાર, તા. ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્ટે સેફ ઓનલાઈન સાયબર અવેરનેસ ફોર વુમન એન્ડ સીનિયર સિટીઝન્સ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું. જેમાં સુરત સાયબર ક્રાઈમ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર સુશ્રી શ્વેતા ડેનિયલ્સ અને સુરત સિટી સાયબર ક્રાઈમ સેલના પોલિસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.વી. ગામિતે સાયબર ક્રાઈમથી બચવાના સૂચનો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા, ઓનલાઈન પેમેન્ટ અને ઈ-બેંકિંગ આપણા રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. પરંતુ સાથે સાથે ફિશિંગ, OTP સ્કેમ, આઈડેન્ટિટી થેફ્ટ અને ઓનલાઈન ફ્રોડ જેવા સાયબર ખતરા પણ વધી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો ઘણી વાર આવા ખતરાઓના નિશાન બને છે અને તે માટે સાઈબર સુરક્ષા અંગે જાગૃતિ અનિવાર્ય છે.'

સુશ્રી શ્વેતા ડેનિયલ્સે જણાવ્યું હતું કે, 'જ્યારે એક વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બને છે, ત્યારે ભારતની અર્થવ્યવસ્થાને પણ નુકસાન થાય છે તેમ કહી શકાય છે. આખું વિશ્વ જ આંગળીના ટેરવે આવી ગયું છે, ત્યારે સાવચેતી રાખવી પણ અગત્યની છે. સાયબર ક્રાઈમ દરેક વ્યક્તિ સાથે અલગ-અલગ રીતે કરવામાં આવે છે. વ્યક્તિ જ્યારે લાલચમાં ફસાઈ જાય ત્યારે આફત આવે જ. કોઈ ઓનલાઈન કામ કરીને પૈસા કમાવી શકો છો? કહે ત્યારે થોડુંક વિચારીને, શાંતિથી, લોકો સાથે ચર્ચા કર્યા બાદ કોઈપણ નિર્ણય લો.'

શ્રી ડી.વી. ગામિતે જણાવ્યું હતું કે, 'સમગ્ર વિશ્વમાં પ્રતિ ૩ સેકન્ડે ૧ સાયબર ક્રાઈમ થાય છે. જ્યારે ભારતની વાત કરવામાં આવે તો દેશમાં પ્રતિ ૭ મિનિટે એક સાયબર ક્રાઈમનો કેસ નોંધાય છે. વિશ્વમાં સૌથી વધુ સાયબર ક્રાઈમ રશિયામાં થાય છે. ભારત આ યાદીમાં ૧૦ માં ક્રમાંકે આવે છે. વર્ષ ૨૦૨૪માં સુરતમાં સાઈબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા હતા, જેમાં સુરતીઓએ આશરે રૂ. ૧૭૦ કરોડ ગુમાવ્યા હતા. તેમણે વધુમાં સાયબર બુલિંગ તેમજ સાયબર સ્ટોકિંગ વિશે વિસ્તૃતમાં સમજ આપી હતી.

લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મધુરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, 'આપણી સુરક્ષા આપણા હાથમાં છે.'

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ અને ચેમ્બરના લેડીઝ વિંગના સભ્યો તેમજ સિનિયર સિટીઝન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે લેડીઝ વિંગના સભ્ય શ્રીમતી જ્યોતિબેન લાલવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે ઉપસ્થિતોને મૂંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. લેડીઝ વિંગના એડવાઈઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# ચેમ્બર દ્વારા દેશભકિતથી ઓતપ્રોત 'જાગો હિન્દુસ્તાની' કાર્યક્રમ યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સ્વતંત્રતા પર્વના એક દિવસ પૂર્વે, તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત ખાતે જાગો હિન્દુસ્તાની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશપ્રેમથી ઓતપ્રોત કલાકૃતિ તેમજ દેશભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દેશભક્તિની ભાવનાઓને ઉજાગર કરવાનો તેમજ યુવા પેઢીને રાષ્ટ્રીય એકતા, સમર્પણ અને જવાબદારી પ્રત્યે પ્રેરિત કરવાનો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૂલ્ય પળોને સ્મરણ કરતા આપણે સૌને સમાજ, રાષ્ટ્ર અને ભવિષ્યની પેઢી માટે આપણી ફરજ નિભાવવી જરૂરી છે. 'જાગો હિન્દુસ્તાની' જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બને છે.

સુરતના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ અને સુરતના શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત કાર્યક્રમમાં મહેમાન બન્યા હતા. આ ઉપરાંત ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના સભ્યો, નાગરિકો તથા વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વતંત્રતા પર્વની પૂર્વ સંધ્યાએ દેશભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો.

# ચેમ્બર દ્વારા 'ગાયનું ઘી – આરોગ્ય માટે સારું' વિષે સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ગાયનું ઘી – આરોગ્ય માટે સારું' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં ગૌ વિશ્વ વિદ્યાપીઠના પ્રો વોસ્ટ શ્રી હિતેશ જાનીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ગૌ વિશ્વ વિદ્યાપીઠના પ્રો વોસ્ટ શ્રી હિતેશ જાનીએ ભારતીય ગાય, આરોગ્ય અને અધ્યાત્મ વિષે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, ગાયનું ઘી માનવ આરોગ્ય માટે સર્વોત્તમ છે, કારણ કે તે શરીરમાં પાચન શક્તિ વધારે છે, માનસિક શાંતિ આપે છે તેમજ આયુર્વેદ મુજબ અનેક રોગોથી રક્ષણ આપે છે. ભારતીય ગાય માત્ર દૂધ કે ઘી પૂરતી નથી, પરંતુ તે આર્થિક, પર્યાવરણલક્ષી અને આધ્યાત્મિક મૂલ્યોનું કેન્દ્રબિંદુ છે. ગાયના ઉત્પાદનો દ્વારા ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બની શકે છે અને માનવ જીવનમાં આરોગ્યપ્રદ જીવનશૈલી સ્થાપિત થઈ શકે છે.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મન્સાલીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન ડૉ. નિપેશ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરપર્સન ડૉ. પારુલ પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય ડૉ. ઋજુતા છત્રપતિએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

આ સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, ચેમ્બરના સભ્યોએ વક્તાના વિચારોને ખૂબ રસપૂર્વક સાંભળ્યા હતા અને પ્રશ્નોત્તરી સેશનમાં પણ સક્રિય ભાગ લીધો હતો.



ગૌ વિશ્વ વિદ્યાપીઠના પ્રો વોસ્ટ શ્રી હિતેશ જાની

# ચેમ્બર દ્વારા 'ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન મેનેજમેન્ટ એન્ડ પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન' વિષે જીપીસીબી અને સીજીડબ્લ્યુબીના અધિકારીઓ સાથે ઈન્ટરેકટીવ સેશન યોજાયું



## અધિકારીઓએ રેન વોટર હાર્વેસ્ટિંગ અને વોટર રિસાયક્લિંગ ટેકનોલોજી વિષે માહિતી આપી ઉદ્યોગોને ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન માટે માર્ગદર્શિકા અનુસાર જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન મેનેજમેન્ટ એન્ડ પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન' વિષે ઈન્ટરેકટીવ સેશન યોજાયું હતું, જેમાં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ ગુજરાતના સાયન્ટીસ્ટ ડી શ્રી બિસ્વરૂપ મોહાપાત્રા, આસિસ્ટન્ટ હાઈડ્રોજીઓલોજિસ્ટ શ્રી સદ્દામ હુસૈન, જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલ અને જીપીસીબી અંકલેશ્વરના રિજીયોનલ ઓફિસર શ્રીમતી જિજ્ઞાબેન ઓઝાએ ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રેલ વખતે તાપી નદીમાંથી સુરતને ૭૦ વર્ષ ચાલી શકે એટલું પાણી સમુદ્રમાં વહી જાય છે. આથી સરકારી વિભાગો તેમજ સામાજિક સંસ્થાઓએ વરસાદી પાણીને બચાવવા માટે સાથે મળીને પ્રયાસ કરવા પડશે તેમ જણાવ્યું હતું.

શ્રી બિસ્વરૂપ મોહાપાત્રાએ સુરતના ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, ભૂગર્ભ જળનો વધતો ઉપયોગ, વરસાદના પાણીનું યોગ્ય સંચાલન ન થવું તેમજ ઉદ્યોગ પ્રક્રિયાઓના કારણે પાણીના



ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



CGWB ગુજરાતના સાયન્ટીસ્ટ ડી શ્રી બિસ્વરૂપ મોહાપાત્રા



GPCB અંકલેશ્વરના રિજીયોનલ ઓફિસર શ્રીમતી જિજ્ઞાબેન ઓઝા

સ્તર પર ભારે અસર થઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઉદ્યોગોને રેન વોટર હાર્વેસ્ટિંગ અને વોટર રિસાયક્લિંગ ટેક્નોલોજી અપનાવવાની ખાસ જરૂર છે. તેમણે કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા વિવિધ નિયમો તથા પોલિસી ઇમ્પ્લીમેન્ટેશનની વિગતો આપી હતી. તેમણે ખાસ નોંધ્યુ હતુ કે ઉદ્યોગોને ગ્રાઉન્ડ વોટર કન્ઝર્વેશન માટે નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર જરૂરી પગલા લેવા ફરજિયાત છે.

જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલે પર્યાવરણ અને પાણી સંબંધિત નિયમો વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, એમીશન ટ્રેડીંગ સ્કીમે સુરતને ઘણી નામના અપાવી છે. હવે એફલુઅન્ટ ટ્રેડીંગ સ્કીમ પણ શરૂ થવા જઇ રહી છે. આ સ્કીમનો આશય એફલુઅન્ટની ક્વોલિટી અને ક્વોન્ટીટી પર કન્ટ્રોલ લાવવાનો છે. આ સ્કીમના માધ્યમથી વોટર કન્ઝમ્પ્શનને ઘટાડી શકાય છે. આ સ્કીમ પાણી બચાવવા માટે સફળતા અપાવશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

જીપીસીબી અંકલેશ્વરના રિજીયોનલ ઓફિસર શ્રીમતી જિજ્ઞાબેન ઓઝાએ જણાવ્યુ હતુ કે, સચિન અને પાંડેસરાના ઉદ્યોગો ૧૧૫ એમએલડી પાણી ટ્રિટેડ યુઝ કરવા ધારે છે. હવે સમય આવી ગયો છે કે ભૂગર્ભ જળને બચાવવુ પડશે. દરેક વિસ્તારમાં યુઝ થાય છે ત્યારે તેનુ પાણી વહી જવાને બદલે તેનો પુનઃ ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ તેના વિષે વિચારવુ જોઇએ. વધુમાં તેમણે ગ્રાઉન્ડ વોટરની ઉપલબ્ધતા અને ભવિષ્યની જરૂરિયાત અંગે વિગતવાર માહિતી આપી હતી.

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ ગુજરાતના આસિસ્ટન્ટ હાઇડ્રોજીઓલોજિસ્ટ શ્રી સદામ હુસેને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી તથા તેના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે પ્રેઝન્ટેશન થકી ઇન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ્સ, કોમ્પ્લાયન્સીસ અને પેનલ્ટી પ્રોસેસ વિષે પણ ઉદ્યોગ સાહસિકોને સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી તથા ઓફિસ બેરર્સે જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર તરીકે શ્રીમતી જિજ્ઞાબેન ઓઝાની કામગીરીને બિરદાવી હતી અને સેશન દરમ્યાન તેઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા તથા વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોના હોદ્દારો તેમજ ઉદ્યોગ સાહસિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની એન્વાયરમેન્ટ, પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી કુણાલ શાહે ઇન્ટરેક્ટીવ સેશનનુ સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી મૌલિક દેસાઇએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. અધિકારીઓએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોની વિવિધ મૂંઝવણોને દૂર કરી હતી અને ત્યારબાદ સેશનનુ સમાપન થયુ હતુ.



**ચેમ્બરે શ્રીમતી જિજ્ઞાબેન ઓઝાને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા**

# ચેમ્બર દ્વારા 'ઓટો એક્સ્પો ૨૦૨૬' માટે કર્ટેન રેઝર સેરેમની યોજાઇ




## તા. ૧૩થી ૧૬ માર્ચ ૨૦૨૬ દરમ્યાન આયોજિત 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પો–૨૦૨૬'માં ૧૦૦થી વધુ એક્ઝીબીટર્સ ભાગ લેશે, ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૯ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે અવધ ઉટોપિયા ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પો ૨૦૨૬' માટે કર્ટેન રેઝર સેરેમની યોજાઇ હતી, જેમાં ઓટો એક્સ્પો ૨૦૨૬નું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા તા. ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૬ દરમ્યાન ઓટો એક્સ્પોની સાતમી આવૃત્તિ રજૂ કરવામાં આવશે, જેમાં ૧૦૦થી વધુ એક્ઝીબીટર્સ ભાગ લેશે.



**ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો ૨૦૨૬ દક્ષિણ ગુજરાત માટે એક નવો માઇલસ્ટોન સાબિત થશે. આ એક્સ્પો માત્ર ઓટોમોબાઇલ ક્ષેત્ર જ નહી પરંતુ ટ્રેડ, મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર માટે પણ નવી તકો ઉભી કરશે. સુરત શહેરને ગ્લોબલ ઓટો હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં આ એક્સ્પો એક મહત્વપૂર્ણ પગલુ સાબિત થશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સર્વેનો આભાર માનતા જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા આયોજિત દરેક એક્સ્પો ઉદ્યોગ જગત માટે નવા દ્વાર ખોલે છે. ઓટો એક્સ્પો ૨૦૨૬ પણ શહેર અને પ્રદેશની આર્થિક વૃદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો ૨૦૨૬ના ચેરમેન શ્રી મેહુલ દેસાઇએ જણાવ્યુ હતુ કે આ એક્સ્પોમાં ભારત તથા વિદેશની અગ્રણી ઓટોમોબાઇલ કંપનીઓ પોતાના મોડલ્સ, ઇ વ્હીકલ્સ અને ઓટો ટેકનોલોજી રજૂ કરશે. તેમણે પ્રેઝન્ટેશન દરમ્યાન ઓટો એક્સ્પોની ઝલક રજૂ કરી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરની ઓટોમોબાઇલ કંપનીઓ, ઇલેક્ટ્રિક વાહનો, હાઇબ્રિડ ટેકનોલોજી તથા ઓટો કમ્પોનન્ટ્સના વિશાળ પ્રદર્શનનો સમાવેશ કર્યો હતો.

ઓટો એક્સ્પોના કો-ચેરમેનો શ્રી કનુભાઇ મોદી અને શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા યોજાતો ઓટો એક્સ્પો ભારતમાં બીજા ક્રમાંકનો હોય છે ત્યારે આ ઓટો એક્સ્પોમા ઓટો ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા એમએસએમઇ તથા સ્ટાર્ટઅપ્સને પોતાની પ્રોડક્ટ્સ અને ઇનોવેશન રજૂ કરવાની ઉત્તમ તક મળશે. ઉદ્યોગની સાથે સાથે ગ્રાહકોને પણ આ એક્સ્પોનો સીધો લાભ મળશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત ઓટો એક્સ્પોમા વર્ષ ૨૦૧૧થી દરેક આવૃત્તિમા ભાગ લેનારા એક્ઝીબીટર્સનુ સન્માન કરવામા આવ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનુ સમગ્ર સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર, ગ્રૂપ ચેરમેન શ્રી રાકેશ જૈન, પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા અને સુરતના ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીના આગેવાનો સમારોહમા ઉપસ્થિત રહ્યા હતા. કર્ટેન રેઝર સેરેમની દરમિયાન ઉપસ્થિત તમામને એક્સ્પોની થીમ, એક્સ્પોની તારીખ અને પ્રદર્શનની રૂપરેખા વિષે વિગતવાર માહિતી આપવામા આવી હતી.



# ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સની આરોગ્ય સંભાળ માટે SGCCI અને IMA સંયુક્ત અભિયાન હાથ ધરશે, ટીબી પેશન્ટ્સને દત્તક લઈને ન્યુટ્રિશન કીટ વિતરણ કરશે



## SGCCI અને IMA દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જઈને બ્રેસ્ટ કેન્સર અવેરનેસ, સર્વાઇકલ કેન્સર અવેરનેસ, નોન–કોમ્યુનિકેબલ ડિસીઝ પ્રિવેન્શન તથા ટીબી અવેરનેસ માટેના કાર્યક્રમો પણ યોજાશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ઈન્ડિયન મેડીકલ એસોસીએશન (IMA)ના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અનિલ નાયક અને ગુજરાત સ્ટેટ IMAના પ્રમુખ ડૉ. મેહુલ શાહની સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું નેતૃત્વ ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામા દ્વારા કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન મેડિકલ એસોસીએશનની આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન ગાંધીનગર ખાતે ૧૦૦મી નેશનલ કોન્ફરન્સ મળનાર છે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા સંયુક્તપણે સુરત તેમજ દક્ષિણ ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ તથા તેમના પરિવારજનોના આરોગ્યને પ્રાથમિકતા આપવામાં આવશે અને તેઓના આરોગ્ય સુધારણા માટે વિશેષ અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જઈને બ્રેસ્ટ કેન્સર અવેરનેસ, સર્વાઇકલ કેન્સર અવેરનેસ, નોન–કોમ્યુનિકેબલ ડિસીઝ પ્રિવેન્શન તથા ટીબી અવેરનેસ માટેના કાર્યક્રમો યોજાશે. સાથે જ ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્રના ટીબી પેશન્ટ્સને દત્તક લેવામાં આવશે અને તેમને નિયમિત સારવાર સાથે ન્યુટ્રિશન કીટ્સનું વિતરણ કરવામાં આવશે.

આ ઉપરાંત, ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અને ઓબેસિટી (વજન વધવું) જેવી સમસ્યાઓના નિવારણ માટે તેઓની આરોગ્યની તપાસણી કરવામાં આવશે અને તેઓને માર્ગદર્શન આપવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ તથા તેમના પરિવારજનોને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રોત્સાહિત કરવાનો છે તેમજ દક્ષિણ ગુજરાતને આરોગ્ય ક્ષેત્રે વધુ મજબૂત બનાવવાનો છે.

ચેમ્બર ઓફ કોમર્સના SGCCI ગ્લોબલ કનેક્ટ અંતર્ગત ૮૫ દેશોને ઈન્ડિયન મેડિકલ એસોસીએશનની ૧૦૦મી નેશનલ કોન્ફરન્સની માહિતી મોકલવામાં આવશે અને મેડિકલ ટુરિઝમને પ્રમોટ કરવા માટે તેઓને અનુરોધ કરવામાં આવશે. જે દેશોના પ્રતિનિધિઓ આ નેશનલ કોન્ફરન્સમાં ભાગ લેશે તેઓની સાથે વન ટુ વન મિટીંગ કરી બે દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારને વધારવા તેમજ મેડિકલ ટુરીઝમને વિકસાવવાની દિશામાં પ્રયાસ કરાશે.

# ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત 'લિવર એન્ડ લાઈફ' વિષે સેશન યોજાયું



## સેશનમાં ડૉ. દિવાકર જૈને લિવર સંબંધિત વિવિધ રોગો, તેમના લક્ષણો, પ્રિવેન્શન, ટ્રિટમેન્ટ અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન વિષે વિસ્તૃત જાણકારી આપી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'લિવર એન્ડ લાઈફ' વિષે સેશન યોજાયું હતું, જેમાં શેલ્બી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના એચપીબી એન્ડ લિવર ટ્રાન્સપ્લાન્ટેશન સર્જરી વિભાગના સિનિયર કન્સલ્ટન્ટ એન્ડ હેડ ડૉ. દિવાકર જૈને લિવર સંબંધિત વિવિધ રોગો, તેમના લક્ષણો, પ્રિવેન્શન, ટ્રિટમેન્ટ અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા આરોગ્યપ્રદ સમાજના નિર્માણ માટે હેલ્થ સિરીઝ અંતર્ગત વિવિધ વિષયો પર સેશનોનું આયોજન કરવામાં આવે છે. ઉદ્યોગ જગતના અગ્રણીઓ તેમજ નાગરિકોને આરોગ્ય વિષયક જાણકારી મળી રહે તે હેતુસર નિષ્ણાત ડોક્ટરોને આમંત્રિત કરવામાં આવે છે. ચેમ્બર દ્વારા ભવિષ્યમાં પણ હેલ્થ સિરીઝ અંતર્ગત આવા કાર્યક્રમો સતત યોજાતા રહેશે.

ડૉ. દિવાકર જૈને જણાવ્યું હતું કે, આજના સમયમાં અસ્વસ્થ જીવનશૈલી, અનિયમિત આહાર અને તણાવને કારણે લિવરની તકલીફો ઝડપથી વધી રહી છે. સમયસર નિદાન અને યોગ્ય સારવારથી ગંભીર પરિસ્થિતિઓને અટકાવી શકાય છે. સાથે જ તેમણે તંદુરસ્ત જીવનશૈલી અપનાવવી અને જરૂરી કાળજી રાખવી અગત્યની હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, લિવર માનવ શરીરનું અગત્યનું અંગ છે, જે ઘણા મહત્વનાં કાર્યો કરે છે. તેથી તેની અવગણના કરવી આરોગ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આથી લિવરની તંદુરસ્તી જાળવવા માટે સંતુલિત આહાર લેવો, નિયમિત વ્યાયામ કરવો, દારૂ તથા તમાકુ જેવા હાનિકારક પદાર્થોથી દૂર રહેવું અને નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવું અત્યંત આવશ્યક છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને નાગરિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર દ્વારા 'ડિસીઝન મેકીંગ એન્ડ પ્રોબ્લેમ સોલ્વીંગ' વિષે વર્કશોપ યોજાયો



**સુશ્રી હીના જૈન**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિસીઝન મેકીંગ એન્ડ પ્રોબ્લેમ સોલ્વીંગ' વિષે વર્કશોપ યોજાયો હતો, જેમા સુશ્રી હીના જૈને વિસ્તૃત જાણકારી આપી હતી.

SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ ચેમ્બર દ્વારા સંચાલિત વિવિધ કોર્સની જાણકારી આપી હતી. વર્કશોપ દરમિયાન કેસ સ્ટડીઝ તથા ઇન્ટરેક્ટિવ એક્ટિવિટીઝ દ્વારા સહભાગીઓને વિષયને ઊંડાણપૂર્વક સમજાવવામા આવ્યો હતો.

સુશ્રી હીના જૈને જણાવ્યુ હતુ કે, વ્યવસાયિક જીવન હોય કે વ્યક્તિગત, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા જ સફળતાની ચાવી છે. નિર્ણાયક ક્ષમતામા તર્કશક્તિ, માહિતીનુ યોગ્ય વિશ્લેષણ, પરિસ્થિતિઓનુ મૂલ્યાંકન તથા વિકલ્પોનુ તાલમેલ અતિ મહત્વપૂર્ણ હોય છે.

# ચેમ્બર દ્વારા 'બેઝિક એકસલ લેવલ વન' વિષે વર્કશોપ યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'બેઝિક એક્સલ લેવલ વન' વિષે આખા દિવસનો વર્કશોપ યોજાયો હતો, જેમા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કેયુર દોશીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

CA કેયુર દોશીએ જણાવ્યુ હતુ કે, આજના સમયમા ડેટા મેનેજમેન્ટ, રિપોર્ટિંગ અને એનાલિસિસ માટે માઈક્રોસોફ્ટ એક્સેલ અનિવાર્ય સાધન બની ગયુ છે. તેની મૂળભૂત સુવિધાઓમા પ્રાવિણ્ય મેળવી લેવાથી પ્રોફેશનલ્સ પોતાની કાર્યક્ષમતા તથા પ્રોડક્ટિવિટી ઘણી વધારી શકે છે.તેમણે એક્સેલના બેઝિક ફંકશન, ફોર્મ્યુલા, શોર્ટકટ્સ તથા ડેટા પ્રેઝન્ટેશન ટેકનિક્સ અંગે પ્રેક્ટિકલી જાણકારી આપતા જણાવ્યુ હતુ કે, આ ટેકનિક્સમા કુશળતા મેળવવાથી માત્ર એકાઉન્ટિંગ કે ફાઇનાન્સ જ નહી પરંતુ દરેક ક્ષેત્રના વ્યાવસાયિકો અને પ્રોફેશનલ્સને દૈનિક કાર્યો સરળ બનાવવામા સહાય મળે છે.

SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. વર્કશોપ દરમ્યાન લાઈવ પ્રેક્ટિકલ એક્સરસાઈઝ દ્વારા સહભાગીઓને વિષયને ઊંડાણપૂર્વક શીખવાની તક મળી હતી. વર્કશોપના અંતે ભાગ લેનારા ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને સર્ટિફિકેટ એનાયત કરવામા આવ્યા હતા.



**કેયુર દોશી**

# ચેમ્બર દ્વારા 'લિન્કડીન માસ્ટરી' વિષે વર્કશોપ યોજાયો



**શ્રી મંથન મદ્રાસી**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'લીન્કડીન માસ્ટરી' વિષે વર્કશોપ યોજાયો હતો, જેમાં શ્રી મંથન મદ્રાસીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

શ્રી મંથન મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં લીન્કડિન માત્ર પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ નથી, પરંતુ વ્યક્તિગત બ્રાન્ડ બિલ્ડિંગ, બિઝનેસ ગ્રોથ અને કારકિર્દી વિકાસ માટેનું શક્તિશાળી સાધન છે. યોગ્ય પ્રોફાઇલ પ્રેઝન્ટેશન, કન્ટેન્ટ શેરિંગ અને નેટવર્કિંગ દ્વારા વ્યાપક તકોને સ્પર્શી શકાય છે. લિન્કડિન પર ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ્સ અને પ્રોફેશનલ્સ પોતાની વિશ્વસનીયતા વધારી શકે છે. નિયમિત અને ગુણવત્તાયુક્ત કન્ટેન્ટ પોસ્ટિંગ, યોગ્ય કનેક્શન્સ સાથેની એન્ગેજમેન્ટ તથા સ્કિલ્સ હાઇલાઇટ કરવાથી વ્યક્તિ પોતાની વ્યાવસાયિક સફરમાં નવી ઊંચાઈ સર કરી શકે છે.

SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વર્કશોપ દરમિયાન પ્રોફાઇલ ઓપ્ટિમાઇઝેશન, કન્ટેન્ટ સ્ટ્રેટેજી, નેટવર્કિંગ ટેકનિક્સ અને એક્ટિવિટીઝ દ્વારા સહભાગીઓને અસરકારક રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાનું ધામધુમપૂર્વક આગમન





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સરસાણા ખાતે ચેમ્બરની ઓફિસ ખાતે વિઘ્નહર્તા શ્રી ગણપતિ બાપ્પાની સ્થાપના ધામધુમપૂર્વક કરવામાં આવી હતી. શુભ મુહૂર્તમાં પુજા વિધી સાથે શ્રીજીનું પાવન આગમન કરવામાં આવ્યું હતું. ઢોલ નગારાની સાથે જયઘોષ વચ્ચે ગણપતિ બાપ્પાનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. દસ દિવસ સુધી ભાવભક્તિ સાથે બાપ્પાની પુજા–અર્ચના સાથે અનંત ચતુર્દશીના દિવસે બાપ્પાની મૂર્તિનું વિસર્જન કરાયું હતું.

ગણેશોત્સવના આ પાવન પ્રસંગે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર, ગૃપ ચેરમેનો, સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓ હાજર રહ્યા હતા. દસ દિવસ સુધી સૌએ ભક્તિભાવથી શ્રીજીની આરતી કરી હતી અને પ્રસાદીનો લાભ લીધો હતો.

SGCCI

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## We sincerely thank our Sponsors of Birthday Gifts

ATUL BAKERY

JOGANI REINFORCEMENT

Sihora INDUSTRIES LTD

MADHAVJI PATEL

SOLEX OWN YOUR POWER

KP GROUP www.kpgroup.co

KHUSHALBHAI

Arpit

SHANTI

A-ONE LIFESTYLE

Lotus MASALA

Re:fresh

KLM KLM LABORATORIES PVT. LTD.

visitorz.io

MAHARANA

TeaOx BY JIVRAJ

exim guru consultancy pvt. ltd.

Manbhavan Mukhwas & Munchies HEALTHY, HYGIENIC & HOME MADE

Vasudev Studio Pvt Ltd

GANDHI GANDHI GROUP OF INDUSTRIES

MAHADEV

ANJUBEN

Thyme & Whisk

आस्था LACE

Laflora CHOCOLATE

More contributions are welcome for Birthday Gifts

Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND

**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY



SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE

## SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
|---|---|
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL
SHRAVAN
BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION
WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th Edition
YARN EXPO
An International Trade Show
1 2 3 AUG. 2025

Diwali
BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SGCCI
EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
20-21-22 December 2025

SITME '26
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

SGCCI
Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI
GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26
25-26-27 Jan. 2026

SGCCI
DiMaS
DIGITAL MARKETING SUMMIT FEB 2026

13th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL
auto expo
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

Vibrant
GUJARAT
REGIONAL
CONFERENCES
Regional Aspirations, Global Ambitions
9 & 10 April, 2026



ACT WITH ONE MIND